૧૦૮૬

# પ્રેસનોટ

ચોમાસાની ઋતુમાં પાણી જન્ય તથા પાણી સંલગ્ન રોગોનું પ્રમાણ વધવાની શકયતા હોય જેને કારણે સુરત મહાનગપાલિકાનાં આરોગ્યવિભાગદ્વારા ૦૬ રૂટીન મોબાઈલ મેડીકલ ટીમો તથા ૦૬ વધારાની મોબાઈલ ટીમો મળી કુલ ૧૨ મોબાઈલ મેડીકલ ટીમો શરૂ કરવામાં આવેલ છે.

મોબાઈલ મેડીકલ ટીમો દ્વારાજુદા–જુદાવિસ્તારસેન્ટ્રલમાં ગોપીતળાવ–નવસારી બજાર, લીંબાયતમાં સંજયનગર, ઈન્દીરાવસાહત, ગાંધીનગર–ઉમરવાડા, કતારગામમાં એચ–૧ આવાસ–કોસાડ, ધાસ્તીપુરા–ફુલવાડી, ઉધનામાં વિકાસ કોલોની, નાગસેનનગર, કૈલાસનગર–પાંડેસરા, પ્રમનગર–ભેદવાડ, મોરારજી વસાહત, વિસ્તારમાં જઈ રેન્ડમ સર્વેલન્સ તથા આઈઈસી વિગેરેની કામગીરી કરવામાં આવી છે.

ઉપરોકતવિસ્તારમાં ૨૫૮૧કુટુંબનું રેન્ડમ સર્વેલન્સ કરી ૯૯૩૮ વસ્તી આવરી લઈ૩૦ કલોરીન ટેસ્ટ ૦૬પાણીનાં બેકટેરીયોલોજીકલ ટેસ્ટ માટેનાં સેમ્પલ લેવામાં આવેલ છે.૧૪૦૦૦નંગ કલોરીન ટેબલેટ, ૫૦૦જુદા–જુદા રોગ સબંધી પ્રચારપત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ છે તેમજ આરોગ્ય લક્ષી શિક્ષણ આપવામાં આવ્યું છે. રેન્ડમ સર્વેલન્સ દરમ્યાન મળી આવેલ કેસોની સ્થળ પર જ સારવાર આપવામાં આવી હતી.

તદ ઉપરાંત આ ઋતુ દરમ્યાનઆરોગ્યવિભાગદ્વારાઆજદિન સુધી ૧૦ મેગા મેડીકલ કેમ્પ તથા ૪૪ નાના કેમ્પો મળી કુલ ૫૪કેમ્પો કરવામાં આવ્યા છે.જેમાં કુલ ૧૦૮૯૯ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

# પ્રેસનોટ :-

સુરત મહાનગર પાલિકાના પશ્ચિમઝોન દ્વારા મચ્છરજન્ય પરિસ્થિતિ નિવારવા તેમજ મજૂરોની આરોગ્ય સુખાકારી જળવાય રહે તે માટે બાંધકામ ખાતે આદરેલી સામુહિક ઝુંબેશ :-

---

સુરત મહાનગર પાલિકાના પશ્ચિમઝોન હદ વિસ્તારમાં આવેલ બાંધકામોમાં મચ્છરજન્ય પરિસ્થિતિ નિવારવા તેમજ બાંધકામ ખાતે વસવાટ કરતાં મજૂરોની આરોગ્ય સુખાકારી જળવાય રહે તે આશયથી તા.૦૩/૦૯/૨૦૧૬ ના રોજ કુલ :- **૫૩** બાંધકામ ખાતે વી.બી.ડી.સી. વિભાગ દ્વારા સર્વેની કામગીરી હાથ ધરેલ જેમાં મચ્છરજન્ય પરિસ્થિતિનું નિર્માણની સંભાવના ધરાવતાં ઓર્ગેનાઈઝરો પાસેથી જરુરી જંતુનાશક દવાનો છંટકાવ કરવાની કામગીરીના ભાગરૂપે વહિવટી પરચૂરણ ખર્ચ પેટે રૂ./- **૧૫૩૦૦૦/-** (અંકે એક લાખ ત્રેપન હજાર પૂરા) સ્થળ ઉપર વસૂલ લીધેલ છે. અને ઉક્ત બાંધકામ ખાતેના કુલઃ- ૧૧૨૦ મઝુરો પૈકી કુલઃ- ૧૪ મજૂરોને તાવ જણાતાં મેલેરિયાના પરિક્ષણ માટે બ્લડ સ્મીયર લઈ પ્રાથમિક સારવાર આપવામાં આવેલ છે.

ઉપરાંત પાલનપુર પાટિયા ખાતે આવેલ "સંસ્કાર ભારતી શાળા" ખાતે મચ્છરજન્ય ઉત્તપતિની સંભાવના જણાતાં જરુરી જંતુનાશક દવા છંટકાવવાના ભાગરૂપે રૂ./- **૧૦૦૦૦/-** (અંકે દશ હજાર પૂરા) સ્થળ ઉપર વસૂલ લીધેલ છે.

આથી તમામ ચાલુહાલતમાં / પડતર બાંધકામના ઓર્ગેનાઈઝરો / કબ્જેદારોને જણાવવાનું કે તમારી મિલ્કતમાં પાણી ભરાવો થઈને મચ્છરજન્ય પરિસ્થિતિનું નિર્માણ ન થાય તે મુજબ કાર્યવાહી હાથ ધરવા ઉપરાંત વસવાટ કરતાં મજૂરોને 'મચ્છરદાની' અને 'શૌચાલય' ની સુવિધા પુરી પાડવા અનુરોધ કરવામાં આવે છે. તેમ કરવામાં નિષ્ફળ જનાર કસુરદારો ની મિલ્કત "સ્થગિત" કરવા સુધીની કાર્યવાહી કરવા ઉપરાંત **નામદાર ગુજરાત હાઈકોર્ટની PIL/122-2011 ના તા. ૩૦/૦૪/૨૦૧૪ ના ચુકાદામાં** થયેલ હુકમનું પાલન ન કરવા બદલ "કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટ" ની કાર્યવાહી કરવાની ફરજ પડશે. જેની નોંધ લેશો.

જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગર સેવા સદન તરફથી
સાદર સમાચાર યાદી નં....1087
તા.૦૬/૦૯/૨૦૧૬

૧૦૮૮

# પ્રેસનોટ
# નોર્થ ઝોન (કતારગામ)
# સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૬/૦૯/૧૬ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૯૩ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૪૬ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા. ૨,૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૭ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૧૮૦૦ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૯૦૨ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૯૫ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૩૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. તેમજ વહીવટી ખર્ચ પેટે રૂા. ૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૬૪૦ કરદાતાઓ પાસેથી રૂા. ૨૫,૬૮,૬૪૫/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૨૪૪ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૧૪૩ એન્ટ્રીમાં રૂા.૨,૮૩,૫૦૪/– અને આર.સી.ની ૧૦૧ એન્ટ્રીમાં રૂા.૫,૯૩,૪૨૦/– મળી કુલ રૂા.૮,૭૬,૯૨૪/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૮ એન્ટ્રીમાં રૂા.૨૨૦/– રીન્યુઅલની ૧૦ એન્ટ્રીમાં રૂા. ૫૮૦/– અને દંડની રકમની ૧૦ એન્ટ્રીમાં રૂા.૧,૪૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૩ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરેલ. તેમજ નવા પાણી કનેકશન સંદર્ભે વસુલ લીધેલ ચાર્જ રૂા. ૩,૧૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

દબાણ ખાતા દ્વારા (૧) અન્ય રોડ : બડાગણેશ મંદિર પાસે પાથરણાવાળાનું દબાણ દુર કરવામાં આવેલ છે. લક્ષીકાંત આશ્રમ વડલા સુધીનું દબાણ હટાવી ખુલ્લી લારી–૦૯ તથા બંધ લારી –૦૧, છકડો –૦૨ જપ્ત કરવામાં આવેલ છે. જી.આઈ.ડી.સી.ગૌતમનગર પાસે દબાણ હટાવી ખુલ્લી લારી–૦૨ જપ્ત કરવામાં આવેલ છે.

૧૦૮૯

# પ્રેસનોટ

મા.કમિશ્નરશ્રી અને ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પી.)ની આપેલ સુચના મુજબ આજરોજ **તા.૦૬/૦૯/૨૦૧૬** રાંદેરઝોનમાં "સ્વચ્છ ભારત સપ્તાહ–૨૦૧૬" અંતર્ગત આરોગ્ય વિભાગ અને એન્જીનીયર વિભાગ દ્વારા ઘનિષ્ઠ સાફ–સફાઈ અંગેની ઝુંબેશ સવારે ૮:૦૦ થી ૨:૦૦ કલાક દરમ્યાન અડાજણ ગામ વોર્ડ વિસ્તારમાં બદ્રિનારાયણ મંદિરની આજુબાજુનો રીવરફ્રન્ટ રોડ, સ્વામીનારાયણ મંદિર પાસેનો રોડ, બાપ્સ હોસ્પિટલ રોડ, ફાયર સ્ટેશન રોડ અને મહાદેવનગર રોડ મળી કુલ ૦૫ ટી.પી.રોડ ઉપર ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ રાખવામાં આવેલ હતી.

ઉપરોક્ત સફાઈ ઝુંબેશમાં રાંદેર ઝોનના અડાજણ વોર્ડ વિસ્તારના મ્યુનિ.સદસ્યશ્રી પ્રવિણભાઈ પટેલ અને શ્રીમતિ ઉષાબેન મહેરભાઈ પટેલ હાજર રહી ઝુંબેશમાં સહભાગી થયેલ હતા. જેમાં ઝોનના ઝોનલ ચીફશ્રી ડી.એમ.પટેલ, ઝોનલ ઓફીસરશ્રી ડી.આર.ગોહીલ તથા નાયબ આરોગ્ય અધિકારી ડૉ. ઉમરીગરશ્રી ની સીધી દેખરેખ હેઠળ ૦૫ રૂટો ઉપર માઈક્રો લેવેલે કામગીરીમાં આરોગ્ય વિભાગના કુલ ૮૧ કામદાર અને સુપ. ૧૬, ટેકનીકલ–૩૬ કામદારો અને સુપ. ૦૮ તથા વી.બી.ડી.સી સ્ટાફ સાથે મળી ૦૩ ટ્રેકટર, ૦૫ ટ્રક અને ૦૨ જેસીબી દ્વારા કુલ ૧૮ ટન માટીમિશ્રિત ગાર્બેજનો નિકાલ કરવામાં આવેલ. વધુમાં ઝુંબેશના રૂટ વિસ્તારમાં ન્યુસન્સ કરતાં ૪૭ ઈસમોને ૧૬ નોટીસ આપી તેમની પાસેથી કુલ ૧૩,૨૦૦ વસુલાત કરેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ................ 1089
તા: ૬/૯/૨૦૧૬

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૦૫/૦૯/૧૬ના રોજ "ટીચર્સ ડે" નિમિત્તે તા.૦૧/૦૯/૧૬ થી તા.૧૫/૦૯/૧૬ દરમ્યાનના પ્રોગ્રામ અન્વયે તા.૦૫/૦૯/૧૬ના રોજ શિક્ષકો દ્વારા શાળા/કોલેજમાં વિધાર્થીઓનેસ્વસ્છતા શપથ લેવડાવવા ની ઝુંબેશનું આયોજન કરવા જણાવેલ છે.

જે અંતર્ગત તા.૫/૦૯/૧૬ના રોજ મહાનગરપાલિકાના ઝોન વિસ્તાર મા આવેલ સ્કુલ ના શિક્ષકો દ્વારા વિધાથીઓ

ને સ્વચ્છતા બાબતે શપથ લેવડાવવા અંગે ની કાર્યવાહી કરાવવામાં આવેલ હતી.ત્યારબાદ સ્કુલ ના પેસેજ,મેદાન તેમજ ટોયલેટ બ્લોક ની ધનિષ્ઠ કામગીરી કરાવવામાં આવેલ હતી.

| શાળાની સંખ્યા | શપથ લેડવવામાં આવેલ વિદ્યાર્થીઓની સંખ્યા | શપથ લેડવવામાં આવેલ શિક્ષકોની સંખ્યા | સુપરવાઈઝરની સંખ્યા |
|---|---|---|---|
| 51 | 1539 | 240 | 74 |

વધુમાં સ્કુલમાં શિક્ષકો,વિધાર્થી,સ્વયંસેવક તથા પેરેન્ટસ–ટીચર્સએસોશિએશનના દરેક સભ્યોને કચરાના વર્ગીકરણ અને સુરક્ષિત રાખવા માટે સ્વચ્છતા અંગેશિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૧૦૯૧

# પ્રેસનોટ

## 'પ્રધાનમંત્રી મુદ્રા યોજના' હેઠળ ગાંધી સ્મૃતિ ભવન, ખાતે યોજાનાર

## – ::: લોન મેળો :::–

સરકારશ્રી ધ્વારા ભારતીય અર્થવ્યવસ્થાને વેગ આપવાના હેતુથી નાના વ્યવસાયકારોને કે નવીન સાહસો માટે ઉત્સુક યુવાઓને પ્રોત્સાહન મળી રહે તે માટે **'સ્ટાર્ટઅપ ઈન્ડિયા'** અને **'સ્ટેન્ડઅપ ઈન્ડિયા'** હેઠળ નવા સાહસો વિકસાવવા કે હાલના વ્યવસાયને વિસ્તારવા માટે વિવિધ સંસ્થાકિય ધિરાણ મારફતે આવા વ્યવસાયકારોને બેંકો મારફતે નાણાકિય ધિરાણ માટેની મહત્વની આ યોજનાઓ ખરેખર લાભાર્થી લોકો સુધી પહોંચાડવા સુરત મહાનગરપાલિકા તથા લીડ ડિસ્ટ્રીકટ બેંક, બેંક ઓફ બરોડા ધ્વારા શહેરની વિવિધ બેંકોના સહયોગથી **'પ્રધાનમંત્રી મુદ્રા યોજના'** તથા **દિનદયાળ અંત્યોદય યોજના– રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન'** અંતર્ગત તા.૦૭/૦૯/'૧૬ના રોજ ૧૧:૦૦ કલાકે 'ગાંધી સ્મૃતિ ભવન, નાનપુરા, સુરત. ખાતે મા.મેયરશ્રીના પ્રમુખ સ્થાને **'લોન મેળા'**નું આયોજન કરવામાં આવેલ છે, જેમાં શહેરની વિવિધ બેંકો ધ્વારા 'પ્રધાનમંત્રી મુદ્રા યોજના' તથા 'દિનદયાળ અંત્યોદય યોજના– રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન' અંતર્ગત લોન માટે રસ ધરાવતાં લાભાર્થીઓ સાથે રૂબરૂ મુલાકાત કરી, તેઓને લોન સંદર્ભે જરૂરી માર્ગદર્શન આપવામાં આવશે તથા તે માટે કાર્યક્રમ સ્થળ ઉપર લોન ફોર્મ તથા જરૂરી પુરાવાઓની ચકાસણીની કામગીરી કરી, પાત્ર લાભાર્થીઓની ઓળખ કરવામાં આવશે. આ કાર્યક્રમ દરમ્યાન બેંકો ધ્વારા મંજુર કરવામાં આવેલ લોનના લાભાર્થીઓને લોન સહાય/ મંજુરી પત્ર હાજર મહાનુભાવોના હસ્તે એનાયત કરવામાં આવશે. સદર કાર્યક્રમમાં શહેરીજનો હાજર રહી યોજનાની જાણકારી મેળવવા અનુરોધ કરવમાં આવે છે.

૧૦૯૨

# :: પ્રેસનોટ ::

## <u>સુરત મહાનગપાલિકા આયોજીત ભજન સ્પર્ધા</u>

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૮/૦૯/૨૦૧૬ને ગુરૂવારના રોજ સવારે ૯.૦૦ કલાકે ભજન સ્પર્ધાનું આયોજન પરફોર્મીંગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી–ડૉ.વિક્રમભાઈ સારાભાઈ માર્ગ, અડાજણ, સુરત ખાતે કરવામાં આવેલ હતી. આ ભજન સ્પર્ધા ગણપતિ ઉત્સવના તહેવાર અને નગરજનોની લાગણીને માન આપી પ્રવેશફોર્મ ની અંતિમ તા.૦૬/૦૯/૨૦૧૬ હતી તેની જગ્યાએ તા.૧૯/૦૯/૨૦૧૬ કરવામાં આવેલ છે. ત્યારબાદ ભજન સ્પર્ધાની તારીખ નકકી કર્યેથી નવી તારીખની જાણ કરવામાં આવશે, સુરત શહેરમાં આવેલ સંસ્થાઓના **<u>૩૦ વર્ષથી વધુ વયના</u>** ભાઈઓ–બહેનો ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સાંસ્કૃતિક વિભાગ, સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, મુગલીસરા, સુરત ખાતેથી ઓફિસ સમય દરમ્યાન મેળવી ભરેલા **<u>પ્રવેશપત્રો તા.૧૯/૦૯/૨૦૧૬</u>** સુધીમાં પરત કરવાના રહેશે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in પરથી પણ સ્પર્ધા અંગેની પ્રેસનોટ, નિયમો અને પ્રવેશફોર્મની વિગત મળી શકશે.

૧૦૯૩

# <u>પ્રેસનોટ</u>

સુરતઃ–મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત માનનીય કમિશનરશ્રીની સુચના અનુસાર સાઉથ ઈસ્ટ ઝોનમાં આજરોજ સવારે ૮.૦૦ થી બપોરે ૨.૦૦ દરમ્યાન ઉધનાયાર્ડ નીલગીરી સર્કલથી ગોડાદરા મહારાણા પ્રતાપ ચોક સુધીના વિસ્તારમાં આરોગ્ય, ઈજનેરી, ગુમાસ્તા, દબાણ વિભાગ, વી.બી.ડી.સી. વિભાગ તથા આકાણરી વિભાગ દ્વારા સંકલિત સફાઈ ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ હતું.

સદર કામગીરી ડે.કમિશનરશ્રી સી.વાય.ભટ્ટના સીધા માર્ગદર્શન હેઠળ કાર્યપાલક ઈજનેર આશિષ દુબે, નાયબ આરોગ્ય અધિકારી, ડે.ઈજનેર–<u>૦૨</u>, આસી.જંતુનાશક અધિકારી, મુખ્ય આરોગ્ય નિરીક્ષક–<u>૦૨,</u> જુ./આસી.ઈજનેર–<u>૦૭</u> તેમજ સુપરવાઈઝર સ્ટાફ–<u>૧૮</u> અને <u>૧૦૨</u> સફાઈ કામદાર/ બેલદાર દ્વારા મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન હેઠળ કામગીરી કરવામાં આવેલ હતી.

જેમાં સદર વિસ્તારમાં રસ્તા પર પડેલ બિલ્ડીંગ મટીરીયલ (રેતી, કપચી, ઈંટ,) તેમજ કચરો અને કચરા મિશ્રિત માટી કુલઃ– <u>૨૦ મેટ્રિક ટન</u> નિકાલ કરાવવામાં આવ્યો હતો. આંગણવાડી–<u>૦૨</u> તેમજ શૈક્ષણિક સંસ્થા–<u>૦૨</u> ની આજુબાજુ સાફ–સફાઈ/રીપેરીંગ કામગીરી કરવામાં આવી હતી. ૩૧ ડ્રેનેજના મેન હોલની, સ્ટ્રોમ વોટર ડ્રેઈનના <u>૨૨</u> ઈનલેટ ચેમ્બરની ડીસીલ્ટીંગ કામગીરી કરવામાં આવી હતી. વેબસાઈટ, હેલ્પ લાઈન અને મોબાઈલ દ્વારા અગાઉ મળેલ સફાઈ, ડ્રેનેજ, સ્ટ્રીટ લાઈટ પોલની મળેલ ફરિયાદનો નિકાલ કરાવવામાં આવેલ હોય, તેનું ક્રોસ ચેંકીગ કરવામાં આવ્યું હતું. બિનઅધિકૃત બાંધકામ થયેલ હોય તે જગ્યા પર માર્કીગની કામગીરી કરવામાં આવી હતી. ગુમાસ્તા ધારા વિભાગ દ્વારા <u>–૧૨</u> સંસ્થાની નોંધણી કરી, <u>૨૯૦૦૦/–</u> પ્રોફેશનલ ટેક્ષ વસુલ કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી. વોટર ટેબલ <u>–૩૦</u> રનીંગ મીટર સેટ–રીસેટ કરવાની કામગીરી કરવામાં આવી તથા પેચવર્ક <u>–૧૨૦</u> ચોરસ મીટર કરવામાં આવ્યું. આરોગ્ય વિભાગ દ્વારા બોયોમેડીકલ વેસ્ટનો યોગ્ય નિકાલ ન કરવા બાબતે <u>૦૪</u> કલીનીક ચેક કરી <u>૦૨</u> કલીનીકના ડોકટરો પાસે <u>રૂા.૧૦૦૦/–</u> વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. તેમજ આરોગ્ય વિભાગ દ્વારા ન્યુસન્સ કરતી સંસ્થાઓને <u>૧૨</u> નોટીસ આપી <u>૧૦</u> ઈસમો પાસેથી <u>રૂા.૨૮૦૦/–</u> વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા <u>૦૨</u> લારી–ગલ્લા ઉપાડી તેમજ ફુટપાથ પરથી ૧૫ દુકાનોના રોડનું દબાણ દુર કરાવી <u>૦૬</u> ઈસમો પાસેથી <u>રૂા.૧૮,૫૦૦/–</u> વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. આકારણી વિભાગ દ્વારા <u>રૂા.૩૫૦૦૦/–</u> વેરા વસુલાત કામગીરી કરવામાં આવેલ છે.

આ કામગીરી દરમ્યાન ડોર ટુ ડોર ગાડીઓમાં કચરો આપવા માટે તથા મચ્છર ઉત્પતિ સ્થાન અને મચ્છરથી થતા મેલેરીયા, ડેન્ગયુ, ચીકનગુનિયા રોગો અટકાવવા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણનું જન–જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ઉપરોકત સ્થળના– <u>**૨૩૪૪**</u> ઘરોમાં સર્વે કરી મળેલ <u>**૧૮**</u> **બ્રિડીંગોનો નાશ** કરેલ તેમજ <u>**૨૦**</u> **નોટીસ** આપી તથા <u>**૨૨**</u> **નકામા કન્ટેનરોનો** નિકાલ કરાવી <u>**૦૯**</u> **ઈસમો** પાસેથી <u>**રૂા.૬,૭૫૦–**</u> નો વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

આ અભિયાન દરમ્યાન આરોગ્યલક્ષી <u>કુલ –૪૨ નોટીસ આપી, કુલ–૩૩ ઈસમો પાસે રૂા.૩૩૦૫૦/– નો વહીવટી ચાર્જ</u> કરવામાં આવ્યો હતો.

# –: પ્રેસનોટ :–

**<u>સાઉથ ઝોન (ઉધના)માં  તા.૦૬/૦૯/૨૦૧૬ ના રોજ  ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથઝોન (ઉધના)માં નીચે મુજબના  સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના) માં ટી.પી.૫૬ (બમરોલી), ફા.પ્લોટ નં. ૨૩, બ્લોક નં.૧૯૫,  પ્લોટ નં.૨૬૧ ૨૬૨, જગન્નાથનગર ખાતે ૩૫૦ ચો.ફુટ મેશનરીનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂ.૧૦,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂ.૧૦,૦૦૦/– તથા સી.ડી.વેસ્ટ ચાર્જ રૂ.૨,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૪૭ (ભેસ્તાન), ફા.પ્લોટ નં.૩૩, પ્લોટ નં.૭૩,૭૪, મહાવીર ઈન્ડ. ખાતે ૨૫૦  ચો.ફુટ આ.સી.સી. બાંધકામનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂ.૩૫,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂ.૩૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

સાઉથ ઝોન(ઉધના) માં ટી.પી.૨૨(ભેસ્તાન), ફા.પ્લોટ નં.૨૧, પ્લોટ નં. ૧૧૧, ૧૧૨, ૧૧૩, આર્શીવાદ ઈન્ડ. ખાતે ૧૧૦૦ ચો.ફુટ મેશનરી તથા ૮૦૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબ બાંધકામનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂ.૭૫,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂ.૭૫,૦૦૦/– તથા સી.ડી.વેસ્ટ પેટે રૂ.૨,૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા  કરવામાં આવેલ છે.

૧૦૯૫

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૦૬.૦૯.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : **૧** ફાઈલના **રૂા.૧.૦૭ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ–**૧૩ લોકેશન (ખાડા) ૭૭૦.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૫૪.૫૯** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ–૦૮** લોકેશન (ખાડા) **૨૦૦.૦૦ ચો.મી.** મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ – ૦૯** લોકેશન, **૧૭૦૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે**.,** સાઉથ ઝોન (ઉધના) માં ટી.પી.૫૬ (બમરોલી), ફા.પ્લોટ નં. ૨૩, બ્લોક નં.૧૯૫, પ્લોટ નં.૨૬૧ ૨૬૨, જગન્નાથનગર ખાતે ૩૫૦ ચો.ફુટ મેશનરીનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૧૦,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂા.૧૦,૦૦૦/– તથા સી.ડી.વેસ્ટ ચાર્જ રૂા.૨,૦૦૦/– વસુલ લેવામાં આવેલ., સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૪૭ (ભેસ્તાન), ફા.પ્લોટ નં.૩૩, પ્લોટ નં.૭૩,૭૪, મહાવીર ઈન્ડ. ખાતે ૨૫૦ ચો.ફુટ આ.સી.સી. બાંધકામનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૩૫,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂા.૩૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ., સાઉથ ઝોન(ઉધના) માં ટી.પી.૨૨(ભેસ્તાન), ફા.પ્લોટ નં.૨૧, પ્લોટ નં. ૧૧૧, ૧૧૨, ૧૧૩, આર્શીવાદ ઈન્ડ. ખાતે ૧૧૦૦ ચો.ફુટ મેશનરી તથા ૮૦૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબ બાંધકામનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૭૫,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂા.૭૫,૦૦૦/– તથા સી.ડી.વેસ્ટ પેટે રૂા.૨,૫૦૦/– વસુલ લેવામાં આવેલ., તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : ૦૩ પાણીના નવા કનેકશન કુલ : ૦૪ આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૦/–** વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૬૨** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ **૧૫૫** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૪૮.૩૩** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૧૦.૫૪** લાખ થયેલ છે., ૦૯ EC તથા ૦૮ RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૭૩૪/–** વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૬૦૦/–** વસુલ લેવામાં આવેલ છે**., ૧૨** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૬** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૫** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૮** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૨૨૦.૧૫૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૧૯** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૧,૭૦૦/–** છે., તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૦૦૯૮** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૧૯૯૦૮** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૫૬** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૮૧૭** કરવામાં આવેલ છે. જયારે **૧૬** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૫,૫૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

૧૦૯૬

# <u>પ્રેસનોટ</u>

ચોમાસાની ઋતુમાં પાણી જન્ય તથા પાણી સંલગ્ન રોગોનું પ્રમાણ વધવાની શકયતા હોય જેને કારણે સુરત મહાનગપાલિકાનાં આરોગ્યવિભાગદ્વારા ૦૬ રૂટીન મોબાઈલ મેડીકલ ટીમો તથા ૦૬ વધારાની મોબાઈલ ટીમો મળી કુલ ૧૨ મોબાઈલ મેડીકલ ટીમો શરૂ કરવામાં આવેલ છે.

મોબાઈલ મેડીકલ ટીમો દ્વારા વરાછામાં ઉધરસ ભૈયાની વાડી, લીંબાયતમાં ઉમીયા નગર–ભાઠેના, ફુલવાડી, અઠવામાં તડકેશ્વર સોસાયટી–ભટાર, ઉધનામાં આંબેડકરનગર, કતારગામમાં એચ–૧–કોસાડનાંજુદા–જુદાવિસ્તારમાં જઈ રેન્ડમ સર્વેલન્સ તથા આઈઈસી વિગેરેની કામગીરી કરવામાં આવી છે.

ઉપરોકતવિસ્તારમાં ૧૬૫૪ કુટુંબનું રેન્ડમ સર્વેલન્સ કરી ૭૫૪૩વસ્તી આવરી લઈ ૩૬કલોરીન ટેસ્ટ ૦૬પાણીનાં બેકટેરીયોલોજીકલ ટેસ્ટ માટેનાં સેમ્પલ લેવામાં આવેલ છે.૯૦૦૦નંગ કલોરીન ટેબલેટ, ૫૦૦જુદા–જુદા રોગ સબંધી પ્રચારપત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ છે તેમજ આરોગ્ય લક્ષી શિક્ષણ આપવામાં આવ્યું છે. રેન્ડમ સર્વેલન્સ દરમ્યાન મળી આવેલ કેસોની સ્થળ પર જ સારવાર આપવામાં આવી હતી.

તદ ઉપરાંત આ ઋતુ દરમ્યાનઆરોગ્યવિભાગદ્વારાઆજદિન સુધી ૧૦ મેગા મેડીકલ કેમ્પ તથા ૪૪ નાના કેમ્પો મળી કુલ ૫૪કેમ્પો કરવામાં આવ્યા છે.જેમાં કુલ ૧૦૮૯૯ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

૧૦૯૭

# <u>પ્રેસનોટ</u>

સુરતઃ—મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત માનનીય કમિશનરશ્રીની સુચના અનુસાર સાઉથ ઈસ્ટ ઝોનમાં આજરોજ સવારે ૮.૦૦ થી બપોરે ૨.૦૦ દરમ્યાન ઉધનાયાર્ડ નીલગીરી સર્કલથી ગોડાદરા મહારાણા પ્રતાપ ચોક સુધીના વિસ્તારમાં આરોગ્ય, ઈજનેરી, ગુમાસ્તા, દબાણ વિભાગ, વી.બી.ડી.સી. વિભાગ તથા આકાણરી વિભાગ દ્વારા સંકલિત સફાઈ ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ હતું.

સદર કામગીરી ડે.કમિશનરશ્રી સી.વાય.ભટ્ટના સીધા માર્ગદર્શન હેઠળ કાર્યપાલક ઈજનેર આશિષ દુબે, નાયબ આરોગ્ય અધિકારી, ડે.ઈજનેર—<u>૦૨</u>, આસી.જંતુનાશક અધિકારી, મુખ્ય આરોગ્ય નિરીક્ષક—<u>૦૨,</u> જુ./આસી.ઈજનેર—<u>૦૭</u> તેમજ સુપરવાઈઝર સ્ટાફ—<u>૧૮</u> અને <u>૧૦૨</u> સફાઈ કામદાર/ બેલદાર દ્વારા મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન હેઠળ કામગીરી કરવામાં આવેલ હતી.

જેમાં સદર વિસ્તારમાં રસ્તા પર પડેલ બિલ્ડીંગ મટીરીયલ (રેતી, કપચી, ઈંટ,) તેમજ કચરો અને કચરા મિશ્રિત માટી કુલઃ— <u>૨૦ મેટ્રિક ટન</u> નિકાલ કરાવવામાં આવ્યો હતો. આંગણવાડી—<u>૦૨</u> તેમજ શૈક્ષણિક સંસ્થા—<u>૦૨</u> ની આજુબાજુ સાફ—સફાઈ/રીપેરીંગ કામગીરી કરવામાં આવી હતી. ૩૧ ડ્રેનેજના મેન હોલની, સ્ટ્રોમ વોટર ડ્રેઈનના <u>૨૨</u> ઈનલેટ ચેમ્બરની ડીસીલ્ટીંગ કામગીરી કરવામાં આવી હતી. વેબસાઈટ, હેલ્પ લાઈન અને મોબાઈલ દ્વારા અગાઉ મળેલ સફાઈ, ડ્રેનેજ, સ્ટ્રીટ લાઈટ પોલની મળેલ ફરિયાદનો નિકાલ કરાવવામાં આવેલ હોય, તેનું ક્રોસ ચેંકીગ કરવામાં આવ્યું હતું. બિનઅધિકૃત બાંધકામ થયેલ હોય તે જગ્યા પર માર્કીગની કામગીરી કરવામાં આવી હતી. ગુમાસ્તા ધારા વિભાગ દ્વારા <u>—૧૨</u> સંસ્થાની નોંધણી કરી, <u>૨૯૦૦૦/—</u> પ્રોફેશનલ ટેક્ષ વસુલ કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી. વોટર ટેબલ <u>—૩૦</u> રનીંગ મીટર સેટ—રીસેટ કરવાની કામગીરી કરવામાં આવી તથા પેચવર્ક <u>—૧૨૦</u> ચોરસ મીટર કરવામાં આવ્યું. આરોગ્ય વિભાગ દ્વારા બોયોમેડીકલ વેસ્ટનો યોગ્ય નિકાલ ન કરવા બાબતે <u>૦૪</u> કલીનીક ચેક કરી <u>૦૨</u> કલીનીકના ડોકટરો પાસે <u>રૂા.૧૦૦૦/—</u> વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. તેમજ આરોગ્ય વિભાગ દ્વારા ન્યુસન્સ કરતી સંસ્થાઓને <u>૧૨</u> નોટીસ આપી <u>૧૦</u> ઈસમો પાસેથી <u>રૂા.૨૮૦૦/—</u> વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા <u>૦૨</u> લારી—ગલ્લા ઉપાડી તેમજ ફુટપાથ પરથી ૧૫ દુકાનોના રોડનું દબાણ દુર કરાવી <u>૦૬</u> ઈસમો પાસેથી <u>રૂા.૧૮,૫૦૦/—</u> વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. આકારણી વિભાગ દ્વારા <u>રૂા.૩૫૦૦૦/—</u> વેરા વસુલાત કામગીરી કરવામાં આવેલ છે.

આ કામગીરી દરમ્યાન ડોર ટુ ડોર ગાડીઓમાં કચરો આપવા માટે તથા મચ્છર ઉત્પતિ સ્થાન અને મચ્છરથી થતા મેલેરીયા, ડેન્ગ્યુ, ચીકનગુનિયા રોગો અટકાવવા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણનું જન—જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ઉપરોકત સ્થળના— <u>૨૩૪૪</u> ઘરોમાં સર્વે કરી મળેલ <u>૧૮</u> **બ્રિડીંગોનો નાશ** કરેલ તેમજ <u>૨૦</u> **નોટીસ** આપી તથા <u>૨૨</u> **નકામા કન્ટેનરોનો** નિકાલ કરાવી <u>૦૯</u> **ઈસમો** પાસેથી <u>રૂા.૬,૭૫૦—</u> નો વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

આ અભિયાન દરમ્યાન આરોગ્યલક્ષી <u>કુલ —૪૨ નોટીસ આપી, કુલ—૩૩ ઈસમો પાસે રૂા.૩૩૦૫૦/— નો વહીવટી ચાર્જ</u> કરવામાં આવ્યો હતો.

# પ્રેસનોટ

## નોર્થ ઝોન (કતારગામ)

## સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૬/૦૯/૧૬ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૯૩ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૪૬ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા. ૨,૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૭ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૧૮૦૦ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૯૦૨ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૯૫ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૩૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. તેમજ વહીવટી ખર્ચ પેટે રૂા. ૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૬૪૦ કરદાતાઓ પાસેથી રૂા. ૨૫,૬૮,૬૪૫/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૨૪૪ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૧૪૩ એન્ટ્રીમાં રૂા.૨,૮૩,૫૦૪/– અને આર.સી.ની ૧૦૧ એન્ટ્રીમાં રૂા.૫,૯૩,૪૨૦/– મળી કુલ રૂા.૮,૭૬,૯૨૪/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૮ એન્ટ્રીમાં રૂા.૨૨૦/– રીન્યુઅલની ૧૦ એન્ટ્રીમાં રૂા. ૫૮૦/– અને દંડની રકમની ૧૦ એન્ટ્રીમાં રૂા.૧૪૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૩ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરેલ. તેમજ નવા પાણી કનેકશન સંદર્ભે વસુલ લીધેલ ચાર્જ રૂા. ૩,૧૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

દબાણ ખાતા દ્વારા (૧) અન્ય રોડ : બડાગણેશ મંદિર પાસે પાથરણાવાળાનું દબાણ દુર કરવામાં આવેલ છે. લક્ષીકાંત આશ્રમ વડલા સુધીનું દબાણ હટાવી ખુલ્લી લારી–૦૯ તથા બંધ લારી –૦૧, છકડો –૦૨ જપ્ત કરવામાં આવેલ છે. જી.આઈ.ડી.સી.ગૌતમનગર પાસે દબાણ હટાવી ખુલ્લી લારી–૦૨ જપ્ત કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. 1098
તા.૦૭/૦૯/૨૦૧૬

૧૦૯૯

# –: પ્રેસનોટ :–

**<u>સાઉથ ઝોન (ઉધના)માં  તા.૦૭/૦૯/૨૦૧૬ ના રોજ  ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથઝોન (ઉધના)માં નીચે મુજબના  સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના) માં ટી.પી.૫૮ (બમરોલી), ફા.પ્લોટ નં.૧૧૧/એ–બી, પ્લોટ નં.૧૯૪,૧૯૫, હરીઓમ ઈન્ડ. ખાતે ૧૨૫૦ ચો.ફુટ મેશનરી બાંધકામનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૫૦,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂા.૫૦,૦૦૦/– તથા સી.ડી.વેસ્ટ ચાર્જ રૂા.ર,૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા  કરવામાં આવેલ છે.

**પ્રેસનોટ**

**પ્રધાન મંત્રી મુદ્રા યોજના**

**- ::: લોન મેળો :::-**

સરકારશ્રી ધ્વારા નાના વ્યવસાયકારો અને નવીન સાહસો માટે ઉત્સુક યુવાઓને પ્રોત્સાહન મળી રહે તે માટે **'સ્ટાર્ટઅપ ઈન્ડિયા'** અને **'સ્ટેન્ડઅપ ઈન્ડિયા'** અંતર્ગત બેંકો મારફતે નાણાકિય ધિરાણ માટેની મહત્વની આ યોજનાઓ ખરેખર લાભાર્થી લોકો સુધી પહોંચાડવા સુરત મહાનગરપાલિકા તથા લીડ ડિસ્ટ્રીકટ બેંક, બેંક ઓફ બરોડા ધ્વારા શહેરની વિવિધ બેંકોના સહયોગથી **'પ્રધાનમંત્રી મુદ્રા યોજના'** તથા **દિનદયાળ અંત્યોદય યોજના– રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન'** અંતર્ગત તા.૦૭/૦૯/'૧૬ના રોજ ૧૧:૦૦ કલાકે 'ગાંધી સ્મૃતિ ભવન, નાનપુરા, સુરત. ખાતે મા.મેયરશ્રીના પ્રમુખ સ્થાને **'લોન મેળા'**નું આયોજન કરવામાં આવેલ.

આ કાર્યક્રમની શરૂઆતમાં શ્રીમતી ગાયત્રીબેન જરીવાલા, આસી.કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાએ આવકાર પ્રવચનમાં કાર્યક્રમની રૂપરેખા આપી હતી. કાર્યક્રમના મુખ્ય અતિથિ વિશેષ સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશે " સુરત શહેર દરેક બાબતોમાં અગ્રેસર રહયું છે, તેમ 'લોન મેળા'ની શરૂઆત કરી પોતાની સામાજીક જવાબદારી નિભાવમાં પણ સુરત મહાનગરપાલિકા ધ્વારા નવી પહેલ કરી છે, જે સુરત મહાનગરપાલિકા માટે ગૌરવ લેવા જેવી બાબત ગણાય." સમારંભના અધ્યક્ષા મા.મેયરશ્રીમતી અસ્મિતાબેન શિરોયાએ પ્રાસંગિક ઉદબોધન કરતાં જણાવ્યું હતું કે, "પ્રધાનમંત્રી મુદ્રા યોજના તથા **દિનદયાળ અંત્યોદય યોજના– રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન'** અંતર્ગત અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને મહિલાઓને પણ સંસ્થાગત ધિરાણની વિશેષ સગવડો પુરી પાડી, તેઓમાં રહેલી વ્યવસાયિક સુઝને પ્રોત્સાહિત કરી, તેઓની આર્થિક સ્થિતિમાં સુધારા ધ્વારા અન્ય લોકો માટે તેઓ

રોજગારદાતા તરીકે ભૂમિકા ભજવી રાષ્ટ્ર વિકાસમાં તેઓનું પ્રદાન કરશે." કાર્યક્રમમાં બેંક ઓફ બરોડાના ડેપ્યુટી જનરલ મેનેજરશ્રી એસ.વી.હર્ડીકર તથા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ડેપ્યુટી જનરલ મેનેજરશ્રી ડી.કે. રાઉતે આ પ્રકારના કાર્યક્રમમાં બેંકો ધ્વારા સહયોગ આપવા જણાવેલ.

લોન મેળા દરમ્યાન પ્રધાન મંત્રી મુદ્રા યોજના તથા દિનદયાળ અંત્યોદય યોજના – રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન' અંતર્ગતના કુલ–૭૯ લાભાર્થીઓને રૂા.૫૪,૩૧,૪૯૮/–ની લોન સહાય, મિશન મંગલમ (અર્બન) યોજના અંતર્ગતના કુલ–૧૧ સખી મંડળોને રૂા.૮,૫૦,૦૦૦/–ની કેશ ક્રેડીટ, કુલ–૧૧ સખી મંડળોને રૂા.૧,૨૦,૦૦૦/– રીવોલ્વીંગ ફંડની સહાય તથા મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળના EWS/ LIG આવાસના કુલ–૧૮૫, લાભાર્થીઓ માટે રૂા.૮,૭૯,૯૩,૩૦૦/– ની 'હાઉસિંગ લોનના ચેક' તથા સેન્શન લેટરનું વિતરણ ઉપસ્થિત મહાનુભવોના વરદહસ્તે કરવામાં આવેલ.

કાર્યક્રમની આભારવિધિ શ્રીમતી રૂપલબેન શાહ, અધ્યક્ષાશ્રી, સમાજકલ્યાણ, આનંદપ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિ ધ્વારા કરવામાં આવેલ. સદર કાર્યક્રમમાં શ્રી રણજીતભાઈ ગીલીટવાલા, ધારાસભ્ય, શ્રી શંકરલાલ ચેવલી, ડેપ્યુટી મેયર, શ્રી રાજેશભાઈ દેસાઈ,સ્થાયી સમિતિ અધ્યક્ષ, શ્રી ગીરિજાશંકર મિશ્રા, નેતા,શાસક પક્ષ તથા વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, સદસ્યશ્રીઓ તથા શ્રી બંકીમભાઈ દેસાઈ, ડેપ્યુટી કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા હાજર રહેલ. સમગ્ર કાર્યક્રમ સફળ બનાવવા યુસીડી વિભાગના અધિકારશ્રીઓ, કર્મચારીશ્રીઓ ધ્વારા આયોજનબધ્ધ કામગીરી કરવામાં આવેલ.



સુરત મહાનગરપાલિકા તથા લીડ ડિસ્ટ્રીક્ટ બેંક, બેંક ઓફ બરોડા દ્વારા શહેરની વિવિધ બેંકોના સહયોગથી **'પ્રધાનમંત્રી મુદ્રા યોજના'** તથા **દિનદયાળ અંત્યોદય યોજના– રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન'** અંતર્ગત તા.૦૭/૦૯/'૧૬ના રોજ ૧૧:૦૦ કલાકે 'ગાંધી સ્મૃતિ ભવન, નાનપુરા, સુરત. ખાતે આયોજન કરવામાં આવેલ **'લોન મેળા'** દરમ્યાન મા.મેયરશ્રી, ધારાસભ્યશ્રી, સાંસદશ્રી તથા હાજર મહાનુભાવો દિપ પ્રાગટ્ય વિધિ કરતાં દ્રશ્યમાન છે.

૧૧૦૧

# પ્રેસનોટ

## સ્વર્ણિમ સુરત

## SWARNIM SURAT(Society Welfare Association Partnership for Amenity Management in Surat)

## ખાનગી સોસાયટીઓને લોકભાગીદારીથી વિવિધ સુવિધાઓ આપવા અંગે

સુરત મહાનગરપાલિકાની સ્થાપનાના સ્વર્ણિમ જયંતિના શુભ અવસરે વર્ષ ૧૯૬૬ થી ૨૦૧૬ સુરત શહેર વિસ્તારમાં આવેલ તમામ ખાનગી સોસાયટીઓમાં પ્રત્યેક પ્રાથમિક સુવિધાની પરિપૂર્ણતા કરી, સુરત શહેરને વધુ પર્યાવરણલક્ષી બનાવી, સ્માર્ટ સીટીમાં રૂપાંતરીત કરવાની દિશામાં આધુનિક સેવાઓ પૂરી પાડવાની જોગવાઈ સહિતનાનીતિવિષયક નિર્ણયના કામને સ્થાયી સમિતિ ઠરાવ નં. ૧૩૯૦, તા.૧૧–૦૮–૨૦૧૬થી મંજુર કરી ભલામણ સહિતમાસિક સાધારણ સભા સમક્ષ એક ઐતિહાસિક નિર્ણય કરવા માટે રજુ કરેલ છે. જેમાં આ સુવિધાઓ બાબતે અગાઉના કેટલાક ઠરાવો રદ કરી હાલના ઠરાવનું ખુબ જ ઝડપી, સરળતાથી પ્રજાલક્ષી અમલીકરણ થઈ શકે તે મુજબના ફેરફારો પણ કરવામાં આવ્યા છે. આ કામ આગામી મળનાર સામાન્ય સભામાં જરૂરી આખરી મંજુરી માટે લેવામાં આવેલ છે

ખાનગી સોસયટી વિસ્તાર/કક્ષાએ સરળ અને અસરકારક અમલીકરણ થાય તે માટે સ્વર્ણિમ સુરત :SWARNIM SURAT(Society Welfare Association Partnership for Amenity Management in Surat)ની કરવામાં આવેલ સંકલ્પનાસાકાર કરવા હાલમાં આપવામાં આવતી માળખાગત સુવિધાઓમાટેની સહાયની નીતિમાં પરિવર્તન સૂચિત કરી, વધુ સરળ અને પ્રજાભિમુખ એક સમાન નીતિ ઘડવમાં આવેલ છે.


સુરત શહેરમાં આવેલ તમામ રો–હાઉસ, ગાળા ટાઈપ, બંગલા ટાઈપ, લો–રાઈઝ અને હાઈરાઈઝ એપાર્ટમેન્ટની સોસાયટીઓ, ગુજરાત હાઉસીંગ બોર્ડ તથા રાજય સરકારશ્રીનીઅન્ય રહેણાંક વસાહતો,હરિજનવાસ તથા હળપતિવાસ( ગામતળ તથા સર્વે નંબર સહિતના તમામ),ઈન્ડસ્ટ્રીયલ, ઈન્ડસ્ટ્રીયલ કમ રેસીડેન્સીયલ સોસાયટીઓ, ખાનગી ચાલીઓ,ખાનગી વાડીઓ વિગેરેને "ખાનગી સોસાયટીઓ" તરીકે ગણવાની રહેશે અને તેવી સોસાયટીઓ આ દરખાસ્તમાં જણાવેલ સુવિધાઓનો લાભ લેવા સામાન્યરીતે પાત્ર રહેશે. આમ આ  ફેરફાર થકી સુરત શહેરમાં આવેલ કોઈ પણ પ્રકારની ખાનગી સોસાયટીઓ પ્રાથમિક સુવિધાઓથી વંચિત રહેવા પામશે નહી. એ પણ આ ઠરાવનું એક મહત્વનું પાસુ છે.

આ ઉપરાંત ફાયનલ ટી.પી.સ્કીમોમાં માત્ર રહેણાંક સોસાયટીના કિસ્સામાં ભાગ–૧ ની પ્રાથમિક માળખાકીય સુવિધાઓ પૈકીની પાણી, ગટર, સ્ટ્રીટલાઈટ અને રસ્તા (મેટલ ગ્રાઉટીંગ, બીટયુમીનસ કાર્પેટ અથવા માઈક્રો સરફેસીંગ અથવા પોલીમરીક સરફેસીંગ / સી.સી.રોડ) ની સુવિધાઓનાલાભ પ્રાપ્ત કરવા હેતુ સોસાયટીના ફાયનલ પ્લોટ માટે ઈન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુશન (IC)ના નાણાંની વસુલાત પાત્ર રકમ પૈકી વસવાટથયેલસબપ્લોટને લાગુ પડતી રકમના ઓછામાં ઓછી ૫૦% રકમ વ્યાજ સહિત ભરપાઈ થયેલ હોવી જોઈએ.આ માપદંડ માટે ઈન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુશન(IC)ના નાણાંની ૫૦ % ની ગણતરી કરતી સમયે ફકત વસવાટ થયેલ સબપ્લોટ (અધિકૃત વીજજોડાણ ધરાવતા)ધ્યાને લેવાના રહેશે અને ખુલ્લા સબપ્લોટ ધ્યાને લેવાના રહેશે નહી .જયારે જે તે સબ પ્લોટ હોલ્ડરને વ્યકિતગત ગટર અને પાણીના જોડાણ આપવા માટે પુરે પુરા IC ના નાણાં વ્યાજ સહિત ભરપાઈ કરવાના રહેશેએ મુજબની એક મહત્વની જોગવાઈ કરવામાં આવેલ છે.



રીઝર્વેશન/સંપાદન હેઠળની જમીનમાં વસેલ નાગરિકોના જાહેર આરોગ્ય, સ્વાસ્થ્ય સુરક્ષા તથા પર્યાવરણલક્ષી અને સ્વચ્છતાલક્ષી સુવિધાઓને અનુલક્ષીને માત્ર રહેણાંકની તા.૩૧–૦૩–૨૦૧૧ અગાઉ આકારણી દફતરે નોંધાયેલ સોસાયટીઓને ભાગ–૧ની પ્રાથમિક સુવિધાઓ આપી શકાશે, તે માટે જે તે સોસાયટીના પ્રમુખ/મંત્રીનું સુરત મહાનગરપાલિકાનાં નિયત કરેલ નમુનામાં લેખિત બાંહેધરીપત્ર આપવાનું રહેશેએ મુજબની એક મહત્વની જોગવાઈ કરવામાં આવેલ છે.

આ ઠરાવ અંતર્ગત લોકભાગીદારીથી મળવાપાત્ર નીચે મુજબની બાર (૧૨) સુવિધાઓનો સમાવેશ કરવામાં આવેલ છે.




### ભાગ ૧:પ્રાથમિક માળખાકીય સુવિધાઓ

| | | | |
|---|---|---|---|
|  |  |  |  |
| (૧)પાણી | (૨)ગટર | (૩)સ્ટ્રીટલાઈટ | (૪)રસ્તા(મેટલ ગ્રાઉટીંગ, બીટયુમીનસ કાર્પેટ, માઈક્રો સરફેસીંગ અથવા પોલીમરીક સરફેસીંગ/ સી.સી.રોડ) |

### ભાગ ૨ : પર્યાવરણલક્ષી સુવિધાઓ તથા સ્વચ્છતાલક્ષી સુવિધાઓ

| | | | |
|---|---|---|---|
|  |  |  |  |
| (૧)સોસાયટી માટે સફાઈ સાધનો અને સોસાયટીના માર્ગોની સફાઈ માટે અનુદાન | (૨) વૃક્ષારોપણ | (૩)રેઈન વોટર હાર્વેસ્ટિંગ (RWH) | (૪)ઓર્ગેનિક વેસ્ટ કન્વર્ટર (OWC) |

**ભાગ ૩: આધુનિક સુવિધાઓ**

| | | | |
|---|---|---|---|
|  |  |  |  |
| (૧)કોમન ઓપન પ્લોટ(COP)ડેવલોપમેન્ટ | (૨)રૂફ ટોપ કમ્યુનિટી સોલર સિસ્ટમ(Roof TopCommunity Solar System) | (૩)સીસીટીવી કેમેરા સિસ્ટિમ(CCTV Camera System) | (૪)વાઈફાઈ હોટસ્પોટ સિસ્ટિમ (WiFi - Hotspot System) |

**આ તમામ સુવિધાઓ તબકકાવાર ઉપલબ્ધ થવાથી, સમગ્ર શહેર અને શહેરીજનોને નીચે જણાવેલ વિશેષ લાભો પણ મળી રહેશે.**

(૧) વૃક્ષારોપણને કારણે પર્યાવરણમાં સુધારો થશે અને લાંબાગાળે શહેરનું વાતાવરણ સારું બનશે.

(૨) રેઈન વોટર હાર્વેસ્ટીંગને કારણે સુરત શહેર તથા આસપાસનું ભૂગર્ભ જળનું સ્તર ઉંચું આવશે અને તેની ગુણવત્તામાં પણ સુધારો થશે.

(૩) ઓર્ગેનિક વેસ્ટ કન્વર્ટર થકી સોસાયટીમાં ઉત્પન્ન થતાં ઘન કચરા પૈકી જૈવિક(Bio - Degradable) કચરાને રૂપાંતરિત કરી તેનો ખાતર તરીકે ઉપયોગ કરી શકાશે અને આર્થિક ઉપાર્જન પણ શકય બનશે.

(૪) સોસાયટીના કોમન ઓપન પ્લોટના વિકાસને કારણે સ્વચ્છતાનું સ્તર વધશે અને સોસાયટી સ્તરે જાહેર કાર્યક્રમો, રમત—ગમતવિગેરેને પ્રોત્સાહન સહિત સુવિધાઓ મળશે.

(૫) સુરત મહાનગરપાલિકા દ્વારા સૌપ્રથમ વખત ખાનગી સોસાયટીઓમાં રૂફ ટોપ કમ્યુનિટી સોલર સિસ્ટમ અંગેનું આયોજન હાથ ધરી ગ્રાન્ટ સહાય આપવાનું આયોજન કરેલ છે. જેના દ્વારા ઉત્પન્ન

થતી વીજળીનો સોસાયટીઓ દ્વારા પોતાના કોમન વપરાશ જેવાં કે, સોસાયટીની કોમનલીફ્ટ, પાણીના કોમન પમ્પ,ઓર્ગેનિક વેસ્ટ કનવર્ટર(OWC) વિગેરે ચલાવવા તેમજ સોસાયટીના કલબહાઉસ/કોમ્યુનીટી હોલમાટે થઈ શકશે. જેના કારણે વીજળીની બચત થશે અનેઆર્થિક લાભ મળશે.

(૬) સી.સી. ટી.વી. કેમેરાની સુવિધાથી લોકોની સલામતી વધશે તથા વાઈ–ફાઈ જેવી આધુનિક સુવિધા સામાન્ય જન સુધી પહોંચાડી શકાશે.

સુરત મહાનગરપાલિકા દ્વારા ખાનગી સોસાયટીઓને લોકભાગીદારીથી આપવા જોગ પાણી, ગટર, રસ્તા, સ્ટ્રીટલાઈટ અને રસ્તા સફાઈ માટે ગ્રાન્ટ (સહાય)/અનુદાન આપવામાં આવે છે,જે સંદર્ભે સુરત મહાનગરપાલિકા દ્વારા સને ૧૯૯૦ થી ઘડવામાં આવેલ મુખ્યનીતિ અને ત્યારબાદ, જે–તે સુવિધા માટે પ્રસંગોપાત જે હેતુસર ફેરફારો સૂચવીને જે ઠરાવો કરવામાં આવ્યા, તેનું વધુ સરળીકરણ કરીને સંકલિતનીતિ ઘડવાનું સૂચવેલ છે. ખાસ કરીને આ નીતિ તૈયાર કર્યાને ૨૫ વર્ષ ઉપરાંતનો સમયગાળો પસાર થવાની સાથોસાથ શહેરના વિસ્તાર અને વસતિમાં પણ અસાધારણ વધારો થયો છે તથા સમગ્ર દુનિયામાં અકલ્પનિય ટેકનોલોજીકલ સંશોધનો થકી અસાધારણ બદલાવ પણ આવ્યો હોય, તેને અનુરૂપ અધતન અને પર્યાવરણલક્ષી સુવિધાઓથી શહેરની સોસાયટીઓને સુસજજ કરવા જરૂરી છે.

ઉપરાંત, ઘણી સોસાયટીઓ દ્વારા પાણી પુરવઠા અને ડ્રેનેજની માળખાગત સુવિધાઓ મેળવી લીધાને વર્ષોનો સમય પસાર થયેલ છે, આથી, આપવામાં આવેલ સુવિધાની ગુણવત્તા હાલનાં ધારા ધોરણ મુજબ જળવાઈ રહે અને મરામત–નિભાવનાં પ્રસંગો ન્યુનત્તમ રહે તે માટે સુરત શહેરમાં વર્ષો અગાઉ મેળવેલ પાણી અને ડ્રેનેજની માળખાગત સુવિધાઓની તાંત્રિક ચકાસણી કરાવીને સુરત મહાનગરપાલિકાનાં સ્વખર્ચે આ સુવિધાઓ બદલી આપવા/નવીનીકરણ કરી આપવાનું રહેશે. ડામરનાં રસ્તાનાં કિસ્સાઓમાં કાર્પેટ થયાના પાંચ વર્ષ બાદ તાંત્રિક ચકાસણીને અંતે સુરત મહાનગરપાલિકાએ સ્વખર્ચે આ રસ્તા રિકાર્પેટ કરવાનું સૂચવેલ છે. તે જ પ્રમાણે વર્ષો જુની હયાત સ્ટ્રીટલાઈટનીતાંત્રિક ચકસણીને અંતે તેને અધતન ટેકનોલોજી મુજબ સુરત મહાનગરપાલિકાનાં ખર્ચે બદલી આપવા સૂચવેલ છે.

આમ, સુરત મહાનગરપાલિકા દ્વારા મુળભૂત પ્રાથમિક સુવિધાઓ ઉપરાંત પર્યાવરણલક્ષી સુવિધાઓ તથા સ્વચ્છતાલક્ષી સુવિધાઓ તથા આધુનિક સુવિધાઓનો સમાવેશ કરવામાં આવેલ છે જે સુરત મહાનગરપાલિકાએ સૌપ્રથમવાર એક નવી દિશામાં આગળ વધવાનો પ્રયાસ કરેલ છે. સુરતમહાનગરપાલિકાના અથાગ અને દુરંદેશીભર્યા અનેક આયોજનોનેરાષ્ટ્રીય/ આંતરરાષ્ટ્રીય કક્ષાએથી પ્રશંસારૂપે વિવિધ પુરસ્કારો પણ પ્રાપ્ત થયા છે.

ભારતની વર્તમાન સરકાર દ્વારા જુદા જુદા શહેરોમાં આપવામાં આવતી સુવિધાઓ વધુ ઝડપથી, સરળતાથી અને અધતન સ્વરૂપે મળી રહે તે માટે ''સ્માર્ટ સીટી મિશન'' યોજનાનો શુભારંભ કરવામાં આવ્યો છે. સુરત મહાનગરપાલિકા દ્વારા ભુતકાળમાં હાંસલ કરવામાં આવેલ સિધ્ધિઓ અને શહેર માટે તૈયાર કરેલ ભાવિ આયોજનોને ધ્યાને લઈને સુરતનો"SMART CITY"યોજના હેઠળ પ્રથમ તબકકામાંજ સમાવેશ કરવામાં આવ્યો છે. સ્માર્ટ સીટી મિશન અંતર્ગત શહેર માટે કરેલ આયોજનો ઉપરાંત શહેરના છેવાડાના માનવીને પણ આધુનિક સેવાનો લાભ મળતો થાય તો જ સાચા અર્થમાં "SMART CITY"ની પરિકલ્પના સાકાર થાય, એ સ્વભાવિક છે. જેથી, ખાનગી સોસાયટીઓને સુરત મહાનગરપાલિકા દ્વારા હાલમાં આપવામાં આવતી પ્રાથમિક માળખાકીય સુવિધાઓ ઉપરાંત તેમના કોમન ઓપનપ્લોટસ(COP)વિકસાવવામાં,CCTVની સુવિધા,WiFiહોટસ્પોટ અને રૂફટોપ કમ્યુનિટી સોલર સિસ્ટમ(Roof Top Community Solar System)જેવી આધુનિક સુવિધાઓથી સજ્જ કરવા માટે આર્થિક સહાય (ગ્રાંટ) ની નીતિ ઘડવામાં આવે, તે જરૂરી છે.

સદર ખાનગી સોસાયટીઓમાં વિવિધ સુવિધાઓઅન્વયે સુરત મહાનગરપાલિકાની સામાન્ય સભા દ્વારા આ નીતિ–નિયમોને આખરી મંજુરી આપવામાં આવે તે દરમ્યાન વહીવટી કક્ષાએ આ કામોનું ઝડપી અને સરળતાથી અમલીકરણ થઈ શકે તે સારૂ વિગતવાર ચર્ચા – વિચારણા કરવા અને આ કામોએ ઠરાવનાઅનુસંધાનમાં કાર્ય પધ્ધતિ – માપદંડ વિગેરે નકકી કરવા મે. કમિશનરશ્રીના અધ્યક્ષ સ્થાને **તા.૦૬–૦૯–૨૦૧૬** ના રોજ સુરત મહાનગરપાલિકાના તમામ વિભાગીય વડાશ્રીઓ, તમામ ખાતા/ઝોનના વડાશ્રીઓ ઉપરાંત આ કામગીરીનું અમલીકરણ કરનાર ખાતા/ઝોનના ડેપ્યુટી ઈજનેરશ્રીઓ સુધીના અધિકારીઓ સાથે એક મીટીંગનું આયોજન કરવામાં આવેલ. જેમાં દરેક અધિકારીઓએ ખુબ જ અંગત રસ લઈ, આ ઠરાવના સુચારું અમલીકરણ બાબતેવિગતવાર ચર્ચા કરેલ અને નકકી કરેલ પધ્ધતિ પ્રમાણે જે–તે વિભાગદ્વારા ખુબ જ ટુંકા સમયમાં જરૂરી કાર્યપધ્ધતિ –માપદંડ વિગેરે નકકી થતા આ ઠરાવનો ખુબ જ ઝડપી અને સરળતાથી અમલ થઈ શકશે.

સુરત મહાનગરપાલિકા દ્વારા ખાનગી સોસાયટીઓને આપવાની થતી પ્રાથમિક સુવિધાઓ/પર્યાવરણલક્ષી તથા સ્વચ્છતાલક્ષી સુવિધાઓ/આધુનિક સુવિધાઓનો લાભ ખુબજ ઝડપથી, સરળતાથી અને સમયબધ્ધ રીતે પ્રાપ્ત થઈ શકે તે માટે નકકી થનાર કાર્યપધ્ધતિ તેમજ હાલની કાર્યપધ્ધતિને વધુ સરળ કરવામાં આવનાર છે. જેમાં મુખ્યત્વે...

- અરજદાર સોસાયટીએ સુરતમહાનગરપાલિકાની વેબસાઈટwww. suratmunicipal. gov.inઉપર—સ્વર્ણિમ સુરત : SWARNIM SURAT—માં રૂા. ૫૦૦/– ની ડિપોઝીટ સાથે ઓનલાઈન વન ટાઈમ રજીસ્ટ્રેશન કરવાનુ રહેશે. વનટાઈમ રજી સ્ટ્રેશન સમયે ભરવામાં આવતી રૂા. ૫૦૦/– ની રકમ સુવિધાની માંગણી સમય જમા કરવાની થતી ડિપોઝીટમાં મજરે આપવામાં આવશે

- ખાસ કિસ્સામાં જ ઓફલાઈન અરજી સ્વીકારવામાં આવશે.

- અરજદાર સોસાયટીએ વનટાઈમ રજીસ્ટ્રેશનમાં જરૂરી સામાન્ય રેકાર્ડ–પુરાવાની પુર્તતા કરવાની હોવાથી ત્યારપછી, આપવાપાત્ર કોઈ પણ સુવિધાની માંગણી માટે અરજદાર સોસાયટીએ ફરીવાર કોઈ રેકાર્ડ–પુરાવો આપવાની જરૂરિયાત રહેશે નહી.

- વન ટાઈમ રજીસ્ટ્રેશન પછી સોસાયટીના સબપ્લોટોને લાગુ પડતી ઈન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુશન(IC)ના નાણાંની વિગતો તથા પ્રોપર્ટી ટેકસની વિગતોકોમ્પ્યુટર સિસ્ટમથી ઓટોમેટીકલી આપવામાં આવશે. જેથી બાકી ઈન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુશન(IC)ના નાણાં ભરપાઈ કરવા અંગે સોસાયટી યોગ્ય નિર્ણય કરી શકશે.

- ––સ્વર્ણિમ સુરત :SWARNIM SURAT––કોમ્પ્યુટર સિસ્ટમમાં ઓનલાઈન એસ્ટીમેટ ટુલની સુવિધા આપવામાં આવશે.સોસાયટી વિસ્તારને ધ્યાને લેતાં, ઈચ્છિત સુવિધાનો અંદાજીત ખર્ચ તથા સોસાયટીએ ભરવાની થતી લોકફાળાની રકમનો અંદાજ ઓનલાઈન એસ્ટીમેટ ટુલની મદદથી અરજદાર સોસાયટી ખુબજ સહેલાઈથી મેળવી શકશે અને સુવિધા માંગણી બાબત નિર્ણય કરી શકશે.

આગામી ટુંક સમયમાં આ કામગીરીના બહોળા ફેલાવા – પ્રજાલક્ષીતા કેળવવા માટે સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ ઝોન ખાતે મિટિંગનું આયોજન કરી ઝોનના સંલગ્ન સ્ટાફ, મ્યુ. સભ્યશ્રીઓ તથા નાગરિકોને જરૂરી માર્ગદર્શન – સમજ આપવાનું આયોજન કરવામાં આવનાર છે.

# <u>પ્રેસનોટ</u>

## સુરત મહાનગરપાલિકા આયોજિતવિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પ.

ચોમાસાનીઋતુ દરમ્યાન રોગચાળો થવાની શકયતા વધુ રહે છે.જેથી શહેરી જનોનું આરોગ્ય જળવાઈ રહે તે હેતુસર સુરત મહાનગરપાલિકા મારફતે સને ૨૦૦૭થી દર વર્ષે જુદા–જુદા ઝોનવિસ્તારમાં વિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે.આમ ૨૦૦૭થી ૨૦૧૫દરમ્યાન કુલ ૧૨૨ મેડીકલ કેમ્પો તેમજ ચાલુ વર્ષ ૨૦૧૬ માં ૧૦(દસ)મેડીકલ કેમ્પ મળી કુલ ૧૩૨ મેડીકલ કેમ્પો હાથ ધરવામાં આવ્યા છે.જેમાં જાહેરજનતા તરફથી સારોએવો પ્રતિસાદ મળ્યો હતો.

ચાલુ વર્ષ ૨૦૧૬નો અગ્યારમાંમેડીકલ કેમ્પતા.૧૦/૦૯/૨૦૧૬ને શનિવારનાં રોજ ઉન શહેરી આરોગ્ય કેન્દ્ર, સ્વપ્ન સૃષ્ટિ એપાર્ટમેન્ટની સામે, વખારીયા એસ્ટેટની પાસે, ઉન, સુરતખાતે વિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પ હાથ ધરવામાં આવનાર છે.જેમાં સ્મીમેર હોસ્પિટલનાં બાળરોગ, સ્ત્રીરોગ, આંખ, ચામડીનાં રોગનાં નિષ્ણાંત, ફિઝીશ્યન તથા સર્જન દ્વારા દર્દીઓનું નિદાન કરી સારવાર આપવામાં આવશેતેમજ જરૂરીયાતમંદ દર્દીઓને વધુ સારવાર અર્થે સ્મીમેર / મસ્કતિ / નવી સિવીલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવશે.

તદ ઉપરાંત આરોગ્ય ખાતાનાં જુદા–જુદા વિભાગોદ્વારા રસીકરણ, કુટુંબ કલ્યાણ, ટીબી, એચઆઈવી તેમજ પાણીજન્ય અને પાણી સંલગ્ન રોગ,ફાઈલેરીયા,મેલેરીયા રોગ અંગેની જાણકારી તથા તેની કામગીરીનાં પ્રદર્શન દ્વારાઆરોગ્ય શિક્ષણતેમજ સરકારશ્રીની આરોગ્યલક્ષી યોજનાનું માર્ગદર્શન આપવામાં આવશે.

આ કેમ્પમાં નવજાત શિશુથી સગર્ભા માતા સુધી તમામ લાભાર્થીને શીડયુઅલ મુજબ રસીકરણ કરવામાં આવશે.

જેથી આ કેમ્પમાં આ વિસ્તારનાં નાગરિકોને મોટી સંખ્યામાં લાભ લેવા આરોગ્યવિભાગ તરફથી વિનંતી કરવામાં આવે છે.

૧૧૦૩

# <u>પ્રેસનોટ</u>

## સુરત મહાનગરપાલિકા આયોજિતવિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પ.

ચોમાસાનીઋતુ દરમ્યાન રોગચાળો થવાની શકયતા વધુ રહે છે.જેથી શહેરી જનોનું આરોગ્ય જળવાઈ રહે તે હેતુસર સુરત મહાનગરપાલિકા મારફતે સને ૨૦૦૭થી દર વર્ષે જુદા–જુદા ઝોનવિસ્તારમાં વિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે.આમ ૨૦૦૭થી ૨૦૧૫દરમ્યાન કુલ ૧૨૨ મેડીકલ કેમ્પો તેમજ ચાલુ વર્ષ ૨૦૧૬ માં ૧૦(દસ)મેડીકલ કેમ્પ મળી કુલ ૧૩૨ મેડીકલ કેમ્પો હાથ ધરવામાં આવ્યા છે.જેમાં જાહેરજનતા તરફથી સારોએવો પ્રતિસાદ મળ્યો હતો.

ચાલુ વર્ષ ૨૦૧૬નો  અગ્યારમાંમેડીકલ કેમ્પતા.૧૦/૦૯/૨૦૧૬ને શનિવારનાં રોજ ઉન શહેરી આરોગ્ય કેન્દ્ર, સ્વપ્ન સૃષ્ટિ એપાર્ટમેન્ટની સામે, વખારીયા એસ્ટેટની પાસે, ઉન, સુરતખાતે વિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પ હાથ ધરવામાં આવનાર છે.જેમાં સ્મીમેર હોસ્પિટલનાં બાળરોગ, સ્ત્રીરોગ, આંખ, ચામડીનાં રોગનાં નિષ્ણાંત, ફિઝીશ્યન તથા સર્જન દ્વારા દર્દીઓનું નિદાન કરી સારવાર આપવામાં આવશેતેમજ જરૂરીયાતમંદ દર્દીઓને વધુ સારવાર અર્થે સ્મીમેર / મસ્કતિ / નવી સિવીલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવશે.

તદ ઉપરાંત આરોગ્ય ખાતાનાં જુદા–જુદા વિભાગોદ્વારા રસીકરણ, કુટુંબ કલ્યાણ, ટીબી, એચઆઈવી તેમજ પાણીજન્ય અને પાણી સંલગ્ન રોગ,ફાઈલેરીયા,મેલેરીયા રોગ અંગેની જાણકારી તથા તેની કામગીરીનાં પ્રદર્શન દ્વારાઆરોગ્ય શિક્ષણતેમજ સરકારશ્રીની આરોગ્યલક્ષી યોજનાનું માર્ગદર્શન આપવામાં આવશે.

આ કેમ્પમાં નવજાત શિશુથી સગર્ભા માતા સુધી તમામ લાભાર્થીને શીડયુઅલ મુજબ રસીકરણ કરવામાં આવશે.

જેથી આ કેમ્પમાં આ વિસ્તારનાં નાગરિકોને મોટી સંખ્યામાં લાભ લેવા આરોગ્યવિભાગ તરફથી વિનંતી કરવામાં આવે છે.

૧૧૦૪

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

ભારત સરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૦૫/૦૯/૧૬ના રોજ "ટીચર્સ ડે" નિમિત્તે તા.૦૧/૦૯/૧૬ થી તા.૧૫/૦૯/૧૬ દરમ્યાનના પ્રોગ્રામ અન્વયે તા.૦૬/૦૯/૧૬ના રોજ દરેક શાળાઓમાં શિક્ષકો દ્વારા શૌચાલય નું નિરિક્ષણ તથા મરામત કરવા માટે નું આયોજન કરવા જણાવેલ છે.

જે અંતર્ગત તા.૬/૦૯/૧૬ના રોજ મહાનગરપાલિકાના ઝોન વિસ્તાર મા આવેલ પ્રાથમિક તેમજ ખાનગી શાળા ઓમાં આવેલ શૌચાલય નું નિરિક્ષણ કર્યા બાદ શૌચાલયની અંદરની બાબતોન મરામત કરવાની કામગીરી શૌચાલયને સ્વચ્છ પાણી,ફિનાઈલ,એસીડ વિગેરેથી ધોવારાવવાની ધનિષ્ઠ કામગીરી કરાવવામાં આવેલ હતી.

| શાળાની સંખ્યા | શિક્ષકોની સંખ્યા | ચેક કરેલ શૌચાલયોની સંખ્યા | સુપરવાઈઝરની સંખ્યા | કામદારની સંખ્યા |
|---|---|---|---|---|
| 71 | 134 | 223 | 52 | 91 |

વધુમાં શાળાઓમાં શિક્ષકો દ્વારા **વિદ્યાર્થી** ઓને શૌચાલયની સ્વચ્છતા અંગેશિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૧૧૦૫

# પ્રેસનોટ
# નોર્થ ઝોન (કતારગામ)
# સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૭/૦૯/૧૬ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૪૪ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૨,૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૩૯ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૨૫૧૨ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૯૯૭ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૧૧૫ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૫૧ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. તેમજ વહીવટી ખર્ચ પેટે રૂા.૪૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૪૬૩ કરદાતાઓ પાસેથી રૂા.૧૮,૪૪,૦૦૦/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૨૩૩ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૧૫૦ એન્ટ્રીમાં રૂા.૩,૧૫,૪૨૮/– અને આર.સી.ની ૮૩ એન્ટ્રીમાં રૂા.૪,૩૪,૫૦૦/– મળી કુલ રૂા.૭,૪૯,૯૨૮/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૩ એન્ટ્રીમાં રૂા.૮૦/– રીન્યુઅલની ૨૫ એન્ટ્રીમાં રૂા.૧૩૬૦/– અને દંડની રકમની ૧૫ એન્ટ્રીમાં રૂા.૪,૧૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૩ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરેલ.

૧૧૦૬

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

ભારત સરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારત અને શહેરો, ગામોનું સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૦૫/૦૯/૧૬ના રોજ "ટીચર્સ ડે" નિમિત્તે તા.૦૧/૦૯/૧૬ થી તા.૧૫/૦૯/૧૬ દરમ્યાનના પ્રોગ્રામ અન્વયે તા.૦૭/૦૯/૧૬ના રોજ શિક્ષકો દ્વારા દરેક શાળાઓમાં રમતગમતના મેદાનમાં વૃક્ષારોપણ તથા સુશોભનના કાર્યક્રમનું આયોજન ની કામગીરી કરવામાં આવેલ છે.

જે અંતર્ગત તા.૦૭/૦૯/૧૬ના રોજ મહાનગરપાલિકાના ઝોન વિસ્તારમાં આરોગ્ય વિભાગના સ્ટાફ તેમજ શાળાઓની સં માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે. યુકત ટીમો બનાવી તેઓ દ્વારા ઝોન વિસ્તારની શાળાઓમાં રમતગમતના મેદાનમાં વૃક્ષારોપણ તથા સુશોભનના કાર્યક્રમનું આયોજન ની કામગીરી કરવામાં આવેલ હતી.

| વૃક્ષારોપણમાં ભાગ લીધેલ | | | | | રોપેલ છોડ/રોપની સંખ્યા |
|---|---|---|---|---|---|
| શાળા | શિક્ષકો | વિદ્યાર્થીઓ | સુપરવાઈઝર | કામદાર | |
| 61 | 134 | 289 | 49 | 104 | 420 |

વધુમાં શાળામાં શિક્ષકો દ્વારા વિર્ધાથીઓને સ્વસ્છતા અંગે આરોગયલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની

# :: પ્રેસનોટ ::

## ખેલ મહાકુંભ–૨૦૧૬

સુરત મહાનગરપાલિકા, સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર અને સુરત જીલ્લા વહીવટીતંત્ર સુરતના સંયુકત ઉપક્રમે ગતિશીલ ગુજરાતમાં, ખેલનું વાતાવરણ સર્જતો ખેલ પ્રતિભા શોધનો મહા રમતોત્સવ ''ખેલમહાકુંભ–૨૦૧૬''નું આયોજન ચાલુ વર્ષે તા.૨૭/૦૯/૨૦૧૬ થી તા.૦૩/૧૨/૨૦૧૬ દરમ્યાન હાથ ધરવામાં આવનાર છે.

આ ખેલમહાકુંભ–૨૦૧૬માં સમાવિષ્ટ વિવિધ રમતોમાં ભાગ લેવા માગતા ખેલાડીઓના રજીસ્ટ્રેશનની કાર્યવાહી **તા.૧૫/૦૯/૨૦૧૬ સુધીમાં ઓનલાઈન રજીસ્ટ્રેશન www.khelmahakumbh.org પર કરાવવાનું રહેશે. khelmahakumbh-2016 એન્ડ્રોઈડ અને આઈ.ઓ.એસ. મોબાઈલ એપ્લીકેશનથી પણ ઓન લાઈન રજીસ્ટ્રેશન થઈ શકશે.** શહેરની શાળાઓ, કોલેજો વિગેરેના વિદ્યાર્થીઓ તથા ઓપન કેટેગરીમાં નગરજનોએ મોટી સંખ્યામાં રજીસ્ટ્રેશન કરાવી રમતોમાં ભાગ લેવા સુરત મહાનગરપાલિકા અનુરોધ કરે છે.

રજીસ્ટ્રેશનની કોઈ પણ સમસ્યા બાબતે સુરત મહાનગરપાલિકા સ્તરે જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત ફોન નં.–૦૨૬૧–૨૫૯૫૯૦૩, જીલ્લા રમતમગત અધિકારીશ્રી, સુરત ફોન નં.–૦૨૬૧–૨૪૬૫૮૦૮, સીનીયર કોચશ્રી, સુરત ફોન નં.૦૨૬૧–૨૬૬૮૦૩૪, સાંસ્કૃતિક વિભાગ, સુરત મહાનગરપાલિકા ફોન નં. – ૦૨૬૧–૨૪૨૩૭૫૧–૫૫ EXT- ૨૪૫ પર સંપર્ક કરી શકાશે તથા રાજય સ્તરે ટોલ ફ્રી નંબર – ૧૮૦૦ ૨૭૪૪ ૧૫૧ ઉપર સંપર્ક કરવાથી માર્ગદર્શન પુરૂં પાડવામાં આવશે.




''ખેલમહાકુંભ–૨૦૧૬''માં શાળા / ઝોન કક્ષા / મહાનગરપાલિકા કક્ષા અને છેલ્લે રાજય કક્ષાની સ્પર્ધા માટે નીચે જણાવેલ વિવિધ વયગૃપમાં ૩૦ જેટલી વિવિધ રમતોનું આયોજન થનાર છે.

## શાળા કક્ષાથી શરૂ થતી સ્પર્ધાઓ

| ક્રમ | વયજુથ | ખેલ મહાકુંભ અંતર્ગત રમતો | સ્પર્ધાની સંભવિત તારીખ |
|---|---|---|---|
| ૧ | ૯ વર્ષથી નીચે | એથ્લેટીકસ | ૨૭/૦૯/૨૦૧૬ થી ૨૯/૦૯/૨૦૧૬ |
| ૨ | ૧૧ વર્ષથી નીચે | એથ્લેટીકસ | |
| ૩ | ૧૪ વર્ષથી નીચે(ધો.૮ સુધી) | એથ્લેટીકસ, વોલીબોલ, ખોખો, કબડ્ડી | |
| ૪ | ૧૭ વર્ષથી નીચે(ધો.૧૦ સુધી) | એથ્લેટીકસ, રસ્સાખેંચ, વોલીબોલ, ખોખો, કબડ્ડી | |
| ૫ | ઓપન એઈજ (સિનિયર) ગ્રૃપ | એથ્લેટીકસ, રસ્સાખેંચ, વોલીબોલ, ખોખો, કબડ્ડી | |
| ૬ | ૪૦ વર્ષથી ઉપર | રસ્સાખેંચ | |
| ૭ | ૬૦ વર્ષથી ઉપર | રસ્સાખેંચ | |

## ઝોન કક્ષાથી શરૂ થતી સ્પર્ધાઓ

| ક્રમ | વયજુથ | ખેલ મહાકુંભ અંતર્ગત રમતો | સ્પર્ધાની સંભવિત તારીખ |
|---|---|---|---|
| ૧ | ૯ વર્ષથી નીચે | – | તા.૧૪/૧૦/૨૦૧૬ થી તા.૧૭/૧૦/૨૦૧૬ |
| ૨ | ૧૧ વર્ષથી નીચે | ચેસ | |
| ૩ | ૧૪ વર્ષથી નીચે (ધો.૮ સુધી) | એથ્લેટીકસ, ચેસ, યોગાસન | |
| ૪ | ૧૭ વર્ષથી નીચે (ધો.૧૦ સુધી) | એથ્લેટીકસ, ચેસ, યોગાસન | |
| ૫ | ઓપન એઈજ (સિનિયર) ગ્રૃપ | શુટીંગબોલ, એથ્લેટીકસ, ચેસ, યોગાસન | |
| ૬ | ૪૦ વર્ષથી ઉપર | શુટીંગબોલ, ચેસ | |
| ૭ | ૬૦ વર્ષથી ઉપર | ચેસ | |
| ૮ | શિક્ષકો માટેની સ્પર્ધા | એથ્લેટીકસ, વોલીબોલ, ચેસ, યોગાસન | |

## સુરત મહાનગરપાલિકા કક્ષાથી શરૂ થતી સ્પર્ધાઓ

| ક્રમ | વયજુથ | ખેલ મહાકુંભ અંતર્ગત રમતો | સ્પર્ધાની સંભવિત તારીખ |
|---|---|---|---|
| ૧ | ૯ વર્ષથી નીચે | – | તા.૧૪/૧૦/૨૦૧૬ થી તા.૨૭/૧૦/૨૦૧૬ |
| ૨ | ૧૧ વર્ષથી નીચે | સ્વીમીંગ | |
| ૩ | ૧૪ વર્ષથી નીચે (ધો.૮ સુધી) | સ્વીમીંગ, સ્કેટીંગ, જુડો, કુસ્તી, બેડમિન્ટન, આર્ચરી, બાસ્કેટબોલ, ટેબલટેનીસ, લોનટેનીસ, હેન્ડબોલ, હોકી, ફૂટબોલ | |
| ૪ | ૧૭ વર્ષથી નીચે (ધો.૧૦ સુધી) | સ્વીમીંગ, સ્કેટીંગ, જુડો, કુસ્તી, બેડમિન્ટન, આર્ચરી, બાસ્કેટબોલ, ટેબલટેનીસ, લોનટેનીસ, હેન્ડબોલ, હોકી, ફૂટબોલ | |
| ૫ | ઓપન એઈજ (સિનિયર) ગ્રૃપ | સ્વીમીંગ, સ્કેટીંગ, જુડો, કુસ્તી, બેડમિન્ટન, આર્ચરી, બાસ્કેટબોલ, ટેબલટેનીસ, લોનટેનીસ, હેન્ડબોલ, હોકી, ફૂટબોલ, ટેકવેન્ડો | |
| ૬ | ૪૦ વર્ષથી ઉપર | બેટમિન્ટન, ટેબલ ટેનીસ, લોન ટેનીસ, સ્વીમીંગ | |
| ૭ | ૬૦ વર્ષથી ઉપર | બેટમિન્ટન, ટેબલ ટેનીસ, લોન ટેનીસ, સ્વીમીંગ | |

## સીધી રાજયકક્ષાએ યોજાતી સ્પર્ધાઓ

| ક્રમ | વયજુથ | ખેલ મહાકુંભ અંતર્ગત રમતો | સ્પર્ધાની સંભવિત તારીખ |
|---|---|---|---|
| ૧ | અંડર– ૯ | – | તા.૨૨/૧૧/૨૦૧૬ થી તા.૦૩/૧૨/૨૦૧૬ |
| ૨ | અંડર– ૧૧ | સ્વીમીંગ | |
| ૩ | અંડર– ૧૪ (ધો.૮ સુધી) | એથ્લેટીકસ, સ્વીમીંગ, જુડો, કુસ્તી, આર્ચરી, વેઈટલીફટીંગ, ફેન્સીંગ, બોકસીંગ, કરાટે, શુટીંગ અને મલખમ્બ | |
| ૪ | અંડર–૧૭ | એથ્લેટીકસ, સ્વીમીંગ, જુડો, કુસ્તી, આર્ચરી, ટેકવેન્ડો, વેઈટલીફટીંગ, | |

| | | | |
|---|---|---|---|
| | (ધો.૧૦ સુધી) | ફેન્સીંગ, બોકસીંગ, કરાટે, શુટીંગ અને મલખમ્બ | |
| ૫ | ઓપન એઈજ (સિનિયર) ગૃપ | એથ્લેટીકસ, સ્વીમીંગ, ટેકવેન્ડો, જુડો, કુસ્તી, આર્ચરી, જિમ્નાસ્ટીક, સાયકલિંગ (૨૦ કિ.મી.), શુટીંગ, આર્ટીસ્ટ, સ્કેટીંગ, વેઈટલીફટીંગ, ફેન્સીંગ, કરાટે અને મલખમ્બ | |
| ૬ | ૪૦ અને ૬૦ વર્ષથી ઉપર | યોગાસન | |

૧૧૦૮

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૦૮.૦૯.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૦ ફાઈલના **રૂા.૦ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ–**૧૩ લોકેશન (ખાડા) ૬૫૫.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૪૫.૮૯** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ**–૦૯ લોકેશન (ખાડા) ૯૯૦.૦૦ **ચો.મી.** મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૧૧** લોકેશન, **૩૨૫૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે**.,** તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : ૦૪ પાણીના નવા કનેકશન કુલ : **૦૫** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.**૦/– વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા ૪૬ છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ **૧૬૦** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૪૭.૫૩** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૭.૨૧** લાખ થયેલ છે., ૦૭ EC તથા ૦૬ RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૧,૪૯૦**/– વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૩,૩૦૦**/– વસુલ લેવામાં આવેલ છે**.,** ૩૬ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૫** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૨૧** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૨૧૧.૧૧૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૩** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૨,૨૦૦**/– છે., તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૧૦૫૧** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૭૪૨૩** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૮૬** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૮૩૫** કરવામાં આવેલ છે. જયારે **૪૨** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૩,૨૫૦**/– વસુલ લેવામાં આવેલ છે.

૧૧૦૯

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

ભારત સરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે
વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૦૫/૦૯/૧૬ના રોજ "ટીચર્સ ડે" નિમિત્તે તા.૦૧/૦૯/૧૬ થી તા.૧૫/૦૯/૧૬ દરમ્યાનના પ્રોગ્રામ અન્વયે તા.૦૮/૦૯/૧૬ના રોજ ઝોન વિસ્તારમાં આવેલ દરેક શાળાઓમાં સુકાં અને ભીના કચરા માટે અલગ કચરાપેટી વ્યવસ્થાની ઝુંબેશનું આયોજન કરવા જણાવેલ હતું.

જે અંતર્ગત તા.૦૮/૦૯/૧૬ ના રોજ મહાનગરપાલિકાના ઝોન વિસ્તાર મા આવેલ દરેક શાળાઓમાં શિક્ષકો તથા
આરોગ્યની સયુંકત ટીમો બનાવી સુકાં અને ભીના કચરા માટે અલગ કચરાપેટીની વ્યવસ્થાની ચકાસણી કરી સફાઈની
સફાઈની ધનિષ્ઠ કામગીરી કરાવવામાં આવેલ હતી.

| શાળાની સંખ્યા | શાળાની સંખ્યા | વિદ્યાર્થીઓની સંખ્યા | સુપરવાઈઝરની સંખ્યા | સુકા કચરા માટે અલગ કચરાપેટીની વ્યવસ્થા કરેલ શાળાની સંખ્યા | ભીના કચરા માટે અલગ કચરાપેટીની વ્યવસ્થા કરેલ શાળાની સંખ્યા |
|---|---|---|---|---|---|
| 54 | 195 | 2056 | 67 | 100 | 98 |

વધુમાં શાળાઓમાં વિદ્યાર્થીઓને સુકાં અને ભીના કચરા માટે અલગ કચરાપેટી રાખવા માટે સમજ આપવામાં આવી
તેમજ સ્વચ્છતા અંગે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વાર ા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ
twitter પર શરૂ કરવામાં આવેલ છે. તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ
કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૧૧૧૦

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાની તમામ કચેરીઓ તથા શાળા બોર્ડની કચેરીમાં તા.૧૩/૦૯/૨૦૧૬ ને મંગળવારના રોજ જાહેર રજા જાહેર કરવામાં આવે છે. તેના બદલામાં તા.૧૨/૦૯/૨૦૧૬ ને સોમવારના રોજ આ તમામ કચેરીઓ ચાલુ રાખવામાં આવી છે.

આ રજાના સમય દરમ્યાન ખાસ આવશ્યક સેવાઓ જેવી કે, પાણી વિભાગ, ડ્રેનેજ વિભાગ, સેનીટેશન વિભાગ, ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ તથા વોચ એન્ડ વોર્ડ વિભાગ જેવા ખાતાઓની કામગીરી ચાલુ રહેશે. જ્યારે અન્ય ખાતા / વિભાગોનું કામકાજ સંપુર્ણ બંધ રહેશે.

વધુમાં, તા.૧૨/૦૯/૨૦૧૬ ને સોમવારના રોજ સુરત મહાનગરપાલિકાની તથા શાળા બોર્ડની કચેરી રાબેતા મુજબ ચાલુ રહેશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. 1110
તા.૯-૯-૨૦૧૬

૧૧૧૧

# **પ્રેસનોટ**

સુરત મહાનગરપાલિકા સંચાલિત, સ્મીમેર હોસ્પિટલમાં તા.૦૬/૦૯/૨૦૧૬ના રોજ વહેલી સવારે દર્દીના સગા દ્વારા સ્મીમેરના રેસીડન્ટ ડોકટરો તથા પેરા મેડીકલ સ્ટાફને માર મારી હોસ્પિટલ ખાતે મિલકતને નુકશાન પહોંચાડેલ, જેના વિરોધ માટે સ્મીમેરના રેસીડન્ટ ડોકટરો દ્વારા હડતાલ પાડવામાં આવેલ. જે સંદર્ભે સુરત મહાનગરપાલિકા પ્રસાશન દ્વારા લેવામાં આવેલ પગલાં તથા પોલીસ પ્રસાશન દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી સંતોષ વ્યકત કરી આજ રોજ સાંજે ૬:૩૦ કલાકથી હડતાલ સંકેલી ફરજ ઉપર હાજર થયેલ છે.

૧૧૦૨

# પ્રેસનોટ

# નોર્થ ઝોન (કતારગામ)

# સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૮/૦૯/૧૬ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૩૧૨ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૬૬ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૭,૮૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૩૯ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૨૮૩ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૭૮૭ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૮૮ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૩૭ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. તેમજ વહીવટી ખર્ચ પેટે રૂા.૩૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૫૨૩ કરદાતાઓ પાસેથી રૂા.૨૨,૯૬,૦૧૮/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૧૮૦ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૧૧૪ એન્ટ્રીમાં રૂા.૨,૩૪,૪૮૫/– અને આર.સી.ની ૬૬ એન્ટ્રીમાં રૂા.૩,૦૨,૭૫૫/– મળી કુલ રૂા.૫,૩૭,૨૪૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા રીન્યુઅલની ૦૨ એન્ટ્રીમાં રૂા.૮૦/– અને દંડની રકમની ૦૨ એન્ટ્રીમાં રૂા.૨૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૩ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરેલ.

૧૧૦૩

# –: પ્રેસનોટ :–

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૦૯/૦૯/૨૦૧૬ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથઝોન (ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના) માં ડ્રા.ટી.પી. સ્કીમ નં.૫૫ (ભેસ્તાન), ફા.પ્લોટ નં. ૧૦, સાંઈનાથ સોસા. ખાતે ૩૧૦૦ ચો.ફુટ મેશનરી (અંદાજીત ૨૦ ગાળા) નું ડીમોલીશન કરવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૬૭ (જીયાવ–સોનારી–ગભેણી), ફા.પ્લોટ નં.૩૫૦, વિશાલનગર સોસા. ખાતે ૩૦૦ ચો.ફુટ ચણતર બાંધકામનું ડીમોલીશન કરવામાં આવેલ તથા ૩ શટર જમા કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

૧૧૦૪

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૦૯.૦૯.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : **૧** ફાઈલના **રૂા.૦.૧૨ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ–**૧૨ લોકેશન (ખાડા) ૭૨૦.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૫૦.૪૫** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ–૦૭** લોકેશન (ખાડા) **૩૨૦.૦૦ ચો.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૧૦** લોકેશન, **૨૪૫૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે**.,** સાઉથ ઝોન (ઉધના) માં ડ્રા.ટી.પી. સ્કીમ નં.૫૫ (ભેસ્તાન), ફા.પ્લોટ નં. ૧૦, સાંઈનાથ સોસા. ખાતે ૩૧૦૦ ચો.ફુટ મેશનરી (અંદાજીત ૨૦ ગાળા) નું ડીમોલીશન કરવામાં આવેલ તથા સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૬૭ (જીયાવ–સોનારી–ગભેણી), ફા.પ્લોટ નં.૩૫૦, વિશાલનગર સોસા. ખાતે ૩૦૦ ચો.ફુટ ચણતર બાંધકામનું ડીમોલીશન તથા ૩ શટર જમા કરવામાં આવેલ., તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : **૦૪** પાણીના નવા કનેકશન કુલ : **૦૫** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૭૦,૮૨૦/–** વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૪૭** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ **૧૫૧** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૨૪.૪૦** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૮.૨૮** લાખ થયેલ છે., ૦૭ EC તથા ૦૨ RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૮૮૦/–** વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૨,૦૦૦/–** વસુલ લેવામાં આવેલ છે**.,** ૩૦ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૨** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ ૩૯૬છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૮** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૨૨૦.૧૮૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૧૬** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૦/–** છે., તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૨૩૮૨** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૭૦૫૮** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૧૦૫** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ ૯૪૩ કરવામાં આવેલ છે. જયારે **૫૦** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૭૫૦/–** વસુલ લેવામાં આવેલ છે.

૧૧૦૫

સુરત મહાનગરપાલિકા

જાહેર આરોગ્ય વિભાગ

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા સાત ઝોન વિસ્તારની ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી અલગ–અલગ સાત એજન્સીઓને સોંપવામાં આવેલ છે. મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અને ''સ્વચ્છ ભારત અભિયાન'' અંતગર્ત શહેરની સ્વચ્છતા–સફાઈની ગુણવત્તા હજી વધારે સુધારી શકાય તે માટે સવારની શીફટ દરમ્યાન શહેરનાં રહેણાંક વિસ્તારોમાં, જયારે સાંજના સમયે કોમર્શીયલ વિસ્તારોમાં કરાવવામાં આવતી ડોર ટુ ડોર ગાર્બેજ કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે હેતુસર વિવિધ એજન્સીઓ દ્વારા **તા.૨૯/૦૮/૨૦૧૬ થી તા.૦૪/૦૯/૨૦૧૬** દરમિયાન કરવામાં આવેલ આ કામગીરીનું ઘનિષ્ઠ ચેકીંગ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ. જે દરમ્યાન આ કામગીરીમાં આચરવામાં આવેલ વિવિધ અનિયમિતતા જેવી કે, (૧) જે–તે રૂટના તમામ રહેણાંક અને કોમર્શીયલ યુનિટો કવર કરવામાં આવેલ ન હોઈ, (૨) જે–તે રૂટની કામગીરી નિર્ધારિત સમયે શરૂ કરવામાં આવેલ ન હોઈ, (૩) બ્રેક–ડાઉન થયેલ વાહનના બદલામાં અન્ય વાહન નિયત સમયમાં ફાળવેલ ન હોઈ, (૪) વાહન દીઠ ૦૨ સ્વચ્છતા મિત્રો ફાળવેલ ન હોઈ, (૫) નિયત રૂટને બદલે અન્ય રૂટ પરથી ગાર્બેજનું એકત્રિકરણ કરવામાં આવતું હોઈ અથવા ગાર્બેજ સિવાયનું અન્ય મટીરીયલ્સ એકત્રિત કરવામાં આવતું હોઈ, (૬) કચરો અલગ કરી, કોથળા/બેગ/થેલામાં એકત્રિત કરી, કોથળા/બેગ/થેલા વાહન ઉપર લટકાવવામાં આવેલ હોઈ, (૭) કામગીરીમાં રોકાયેલ એજન્સી તમામ કર્મચારીઓ દ્વારા યુનીફોર્મ કે સેફટીના સાધનો (માસ્ક, ગમબુટ, ગ્લોઝ વિ.) પહેરલ ન હોઈ અથવા આઈ કાર્ડ રાખવામાં આવેલ ન હોઈ, તથા (૮) નિયત કરેલ સુપરવાઈઝરો ફાળવવામાં આવેલ ન હોઈ વિગેરે અનિયમિતતા બદલ સેન્ટ્રલઝોન – રૂા.૯,૮૩૦/–, વેસ્ટઝોન – રૂા.૭,૭૦૦/–, સાઉથઝોન – રૂા.૪,૧૦૦/–, સાઉથઈસ્ટઝોન – રૂા.૮,૯૭૦/–, સાઉથવેસ્ટઝોન – રૂા.૬,૩૭૦/–, નોર્થઝોન – રૂા.૫,૨૫૦/– અને ઈસ્ટઝોન – રૂા.૧૦,૩૦૦/– મળી તમામ ઝોનની જુદી–જુદી એજન્સીઓ પાસેથી કુલ **રૂા.૫૨,૫૨૦/–** પેનલ્ટી વસુલવામાં આવેલ છે. કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે માટે, દૈનિક કામગીરીમાં ઈજારદાર દ્વારા રોકવામાં આવતા વાહનો તથા સ્વચ્છતા મિત્રોની સંખ્યાની નોંધણી જે–તે વોર્ડ ઓફિસો પર કરાવી, તેની માહિતી વાયરલેસ મારફતે ઝોન કંટ્રોલમાં રોજે–રોજ આપવામાં આવે છે, તેમજ તે અંગેનું મોનીટરીંગ નિયમિતપણે સંબંધિત ઝોનના નાયબ આરોગ્ય અધિકારી દ્વારા કરવામાં આવે છે.

૧૧૦૬

# પ્રેસનોટ

| | |
|---|---|
| | **સુરત મહાનગરપાલિકા**<br>**માર્કેટ વિભાગ, નેચરપાર્ક–ઝુ એન્ડ જગદીશચંદ્ર બોઝ મ્યુનિસિપલ એકવેરિયમ** |

સુરત મહાનગરપાલિકાના માર્કેટ વિભાગના નિયમન અને નિયંત્રણ હેઠળના મ્યુ. માર્કેટોમાં તા.૦૨/૦૯/૨૦૧૬ થી તા.૦૮/૦૯/૨૦૧૬ દરમ્યાન સેન્ટ્રલઝોન, નોર્થઝોન, ઈસ્ટઝોન (વરાછા), સાઉથ ઈસ્ટ ઝોન(લીંબાયત), સાઉથ ઝોન(ઉધના), વેસ્ટઝોન (રાંદેર), સાઉથ વેસ્ટ ઝોન(અઠવા) માં આવેલ તમામ માર્કેટોથી સ્ટોલ ધારકો, ફેરિયાઓ, પાથરણાવાળાઓ પાસેથી ફ્રેશ વેલ્યુ ટીકીટ પેટે રૂ.૨,૧૦,૦૭૦/– તથા વહીવટી ખર્ચ પેટે રૂ. ૬,૬૦૦/– ની વસુલાત કરવામાં આવેલ. તેમજ માર્કેટોમાં વેચાતી અખાદ્ય શાકભાજી–ફળફળાદી ૧૨૫.૬૦૦ કિ.ગ્રા.નો જંતુનાશક દવા છાંટી નાશ કરેલ અને ૨૯.૯૫૦ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ. તે જ રીતે કેટલ ન્યુસન્સ રીમુવલ સેલ દ્વારા સુરત શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી રખડતા / ભટકતા, ટ્રાફીક અને લોકોની અવર–જવરમાં અડચણરૂપ ઢોરો નંગ–૩૯ પકડી પાડી મ્યુનિસિપલ ઢોર ઢબ્બામાં પુરવામાં આવેલ પૈકી પશુપાલકો દ્વારા તેમની માલિકીના ઢોર પરત મેળવવા બદલ દંડ અને નિભાવખર્ચ, વહીવટી ખર્ચ પેટે કુલ રૂા.૩૪,૦૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે અને પશુપાલકો દ્વારા નિષ્કાળજી દાખવી તેમના ઢોરો જાહેર રસ્તા ઉપર રખડતા મુકવા બદલ ધી બોમ્બે પોલીસ એકટ–૧૯૫૧ ની કલમ –૯૦(એ)(૧) મુજબ –૦૫ પોલીસ કેસ દાખલ કરી શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરેલ.

આ અઠવાડિયા દરમ્યાન સરથાણા ખાતે આવેલ પ્રાણી સંગ્રહાલય અને પાલ ખાતે આવેલ મ્યુ. એકવેરિયમમાં ક્રમશઃ ૯,૪૭૫ અને ૪,૭૫૪ મુલાકાતીઓએ મુલાકાત લીધી. અને તે સંદર્ભે અનુક્રમે રૂા.૧,૨૭,૫૮૦/– અને રૂા.૧,૮૯,૦૨૦/– રકમ મળી કુલ રકમ રૂા.૩,૧૬,૬૦૦/– મ્યુ. તિજોરીમાં જમા કરાવેલ છે. જે માર્કેટ, ઝુ અને એકવેરીયમ ખાતાના વડા એક યાદીમાં જણાવે છે.

૧૧૧૭

## <u>સુરત મહાનગરપાલિકા આયોજીત ભજન સ્પર્ધા</u>

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૨/૦૯/૨૦૧૬ને ગુરૂવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે ભજન સ્પર્ધાનું આયોજન પરફોર્મીંગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી–ડૉ.વિક્રમભાઈ સારાભાઈ માર્ગ, અડાજણ, સુરત ખાતે કરવામાં આવેલ છે. આ ભજન સ્પર્ધામાં સુરત શહેરમાં આવેલ સંસ્થાઓના **<u>૩૦ વર્ષથી વધુ વયના</u>** ભાઈઓ–બહેનો ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સાંસ્કૃતિક વિભાગ, સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, મુગલીસરા, સુરત ખાતેથી ઓફિસ સમય દરમ્યાન મેળવી ભરેલા **<u>પ્રવેશપત્રો તા.૧૯/૦૯/૨૦૧૬</u>** સુધીમાં પરત કરવાના રહેશે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in પરથી પણ સ્પર્ધા અંગેની પ્રેસનોટ, નિયમો અને પ્રવેશફોર્મની વિગત મળી શકશે.

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પિટલમાં ડોકટરો તથા કર્મચારીઓ સાથે દર્દીઓના સગા–સંબંધી ધ્વારા થતી તકરારો તથા મારામારીના કિસ્સાઓનું નિવારણ કરવા માટે દર્દીઓના અધિકૃત એટેડન્ટ તથા મુલાકાતીઓની અવર–જવર ઉપર નિયંત્રણ રાખવા માટે વિઝિટર્સ પોલીસીનો ચુસ્તપણે અમલ કરવા અંગેની નિતી ઘડવામાં આવેલ છે.

**વિઝિટર્સ પોલીસી અંતર્ગત** . . .

1. દર્દીના અધિકૃત કેરટેકર(મહત્તમ ૨(બે) વ્યકિત) માટે "પેશન્ટ એટેડન્ટ કાર્ડ" ઈસ્યુ કરવામાં આવશે તેમજ કાર્ડ ધરાવનાર વ્યકિતને જ હોસ્પિટલમાં એન્ટ્રી આપવામાં આવશે.
2. સામાન્ય મુલાકાતીઓ માટે "વિઝિટર્સ કાર્ડ" ઈસ્યુ કરવામાં આવશે. જે અન્વયે મુલાકાતીઓ સાંજે ૦૫:૦૦ કલાકથી ૦૭:૦૦ કલાક દરમ્યાન જ "વિઝિટર્સ કાર્ડ" સાથે રાખી પેશન્ટની મુલાકાત લઈ શકશે. તેમજ મુલાકાતીઓએ મુલાકાત વખતે પોતાનો ફોટા વાળો ઓળખ કાર્ડ અચુક સાથે રાખવાનો રહેશે.
3. રાત્રે ૦૯:૦૦ કલાક પછી દર્દીઓના અધિકૃત કેરટેકર સિવાય અન્ય કોઈ વ્યકિત/મુલાકાતીઓને હોસ્પિટલમાં એન્ટ્રી આપવામાં આવશે નહી.

હોસ્પિટલમાં ડોકટરો તથા કર્મચારીઓ સાથે દર્દીઓના સગા–સંબંધી ધ્વારા જો કોઈ તકરારો કે મારામારી કરવામાં આવશે અથવા હોસ્પિટલના માલ–મિલકતને નુકશાન પહોંચાડવામાં આવે, તો તેવા કિસ્સાઓમાં ગુજરાત મેડીકલ સર્વિસ પર્સન એન્ડ મેડીકેર સર્વિસ ઈન્સ્ટીટયુશન ગુજરાત એકટ ૨૦૧૨ અંતર્ગત જે તે જવાબદાર વ્યકિત સામે પોલીસ ફરીયાદ કરી સખત કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. આ કાયદા હેઠળ નોંધાયેલ ગુન્હો બિનજામીનપાત્ર છે તેમજ આ કાયદામાં ૩(ત્રણ) વર્ષ સુધીની જેલની સજા તથા રૂ.૫૦,૦૦૦/– ના દંડની જોગવાઈ છે. આ ઉપરાંત થયેલ મશીનરીના નુકશાન સામે મશીનરીની માર્કેટ કિંમત કરતા બે ગણો દંડ કરવા અંગેની જોગવાઈ છે.

૧૧૧૯

# <u>પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકા સંચાલિત, સ્મીમેર હોસ્પિટલમાં તા.૦૬/૦૯/૨૦૧૬ના રોજ વહેલી સવારે દર્દીના સગા દ્વારા સ્મીમેરના રેસીડન્ટ ડોકટરો તથા પેરા મેડીકલ સ્ટાફને માર મારી હોસ્પિટલ ખાતે મિલકતને નુકશાન પહોંચાડેલ, જેના વિરોધ માટે સ્મીમેરના રેસીડન્ટ ડોકટરો દ્વારા હડતાલ પાડવામાં આવેલ. જે સંદર્ભે સુરત મહાનગરપાલિકા પ્રસાશન દ્વારા લેવામાં આવેલ પગલાં તથા પોલીસ પ્રસાશન દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી સંતોષ વ્યકત કરી આજ રોજ સાંજે ૬:૩૦ કલાકથી હડતાલ સંકેલી ફરજ ઉપર હાજર થયેલ છે.

૧૧૨૦

<u>સુરત મહાનગરપાલિકા દ્વારા ડેન્ગ્યુ રોગ અંતર્ગત આજરોજ કરવામાં આવેલ "ડ્રાય ડે" ઝુંબેશ ની પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી રહી છે જેના અનુસંધાને તમામ ઝોનમાં આજે **<u>તા.૧૦/૦૯/૧૬</u>** ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે "ડ્રાય ડે" ની ઉજવણી કરવામાં આવેલ હતી. જેની માહિતી નીચે મુજબ છે.

–સેન્ટ્રલ ઝોનમાં સૈયદપુરા માર્કેટ,સૈયદવાડા,કાજીનું મેદાન,પતરાની ચાલ,કાગળ વાળાનો ખાંચો,સુફીજીની ગલી,અકબરસઈદ ટેકરો,પઠાણ વાડ જેવા વિસ્તારોમાં, રાંદેર ઝોનમાં બોરડી વિસ્તાર, એસ.એમ.સી.આવાસ–૪ સામે ચિંતામણી ની સામે, ગુજરાત હાઉસીંગ બોર્ડ, પ્રશાંત સોસાયટી વિભાગ–૦૧, રામનગર ઝુલેલાલ મંદિર લાઈન જેવા વિસ્તારોમાં, ઉધના ઝોનમાં મફતનગર, સત્યનગર, શ્રીરામકુટિર, દત્તકુટિર, જય અંબેનગર, સુખીનગર, હયાતનગર, ઘનશ્યામ નગર, રણછોડનગર જેવા વિસ્તારોમાં, લિંબાયત ઝોનમાં મદનપુરા,શિવાજીનગર,ચીમની ટેકરા,ગાંધીનગર,નૂરાનીનગર,સાંઈનાથ સોસાયટી,સરસ્વતીનગર, સાંઈબાબાનગર,નારાયણ ઈન્ડસ્ટ્રીઝ, મયુર ઈન્ડસ્ટ્રીઝ,શંકરનગર જેવા વિસ્તારોમાં, અઠવા ઝોનમાં આદર્શ પછાત, પોલીસ બ્લોક તથા આ.બા., યુ.પી.નગર,હેગડેવારનગર,વેસુ,નવું ભટાર, અલથાણ, હળપતિવાસ, સત્યસાંઈ,ગુ.હા.બોર્ડ જેવા વિસ્તારોમાં, કતારગામ ઝોનમાં નવી વસાહત, દરગાહ ફળિયુ, શિવનગરઝુપડા, પટેલપાર્ક આંબાતલાવડી, જાગીરીવાડી, ટેનામેન્ટ, કેસરબા માર્કેટ,જલારામનગર ગુ.હા.બો.,એચ–૧ આવાસ જેવા વિસ્તારોમાં, વરાછા ઝોનમાં મહારાણા પ્રતાપ ઝું., રેણુકાભવન,ગ્લોબલ બાંધકામ, રૂપાલી સો–૩,વાઘનાથનો ટેકરો ,સી.કે.પાર્ક, દિનદયાળનગર ઝું., નવદુર્ગા સો.,સૌરાષ્ટ્ર સો.,પશુપતિનાથ સો. છીપવાડ, વ્હાઈટ હાઉસ,નીલકંઠ બંગ્લોઝ,સર્જન બંગ્લોઝ, રામદેવ પીર,સૂર્યનગર,સહયોગ સો.,સત્યનારાયણ સો. જેવા વિસ્તારોમાં કામગીરી કરવામાં આવી.

સમગ્ર શહેરમાં......

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ ની સંખ્યા | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 46525 | 98346 | 479 | 13252 | 1334 | 2978 | 194 | 49150 | 77 | 40537 | 16048 |

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**

**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**